**સુવિચાર**
વ્યકિતનાં ઉન્નત વિચારોથી સમાજ અને દેશનું ઉત્થાન અને કલ્યાણ સધાય છે. યુકિત વ્યકિતની હોય છે અને શકિત સમાજની.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૧૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ માગશર સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૦૦૩

શિયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## પોલીસ અધિક્ષકની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો સપાટો

# લાઠીનાં કરકોલીયા ગામની સીમ વિસ્તારનાં ખેતરમાં કપાસનાં પાકની આડમાં થયેલ લીલા ગાંજાનું વાવેતર ઝડપાયું

## રૂપિયા ૧.૮૦ લાખની કિંમતનો ૧૮ હજાર કિ.ગ્રા.નો જથ્થો ઝડપાયો



અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાના કરકોલીયા ગામની સીમ વિસ્તારના ખેતરમાંથી કપાસના પાકની આડમાં વાવેતર કરેલ લીલા ગાંજાના છોડ નંગ-૨૨, વજન ૧૮.૦૨૬ કિ.ગ્રા.નો જથ્થો કિંમત રૂા. ૧,૮૦,૨૬૦ના મુદ્દામાલ સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના આધુનિક મશીન જેમાં AI ટેકનોલોજી, રિચાર્જેબલ, બ્લુટૂથ ટેકનોલોજી, વોટરપ્રુફ, બેસ્ટ સાઉન્ડ કવોલીટી સાથે મળશે.
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
એકસચેંજ ઓફર ઉપલબ્ધ
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કલીનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જલારામ ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ | ચિંતા - ટેન્શન
મરવાના વિચાર આવવા | માથાનો દુઃખાવો
વિચારવાયુ | જાતિય રોગો
વહેમ, શંકા | વ્યસનમુકિત :
મંદબુધ્ધિ બાળકોની સારવાર | દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

શિયાળામાં સૌથી વધુ થતી બીમારીઓ
નવજીવન જનરલ હોસ્પિટલ
સાંધાનો દુખાવો
સીઝનલ ફ્લૂ
બ્રેઈન સ્ટ્રોક (પેરાલિસિ)
અસ્થમા
હ્રદયરોગ (હાર્ટ એટેક)
શરદી ઉદરસ
કોઈપણ પ્રકારની જટિલ બીમારી હોય કે, સાધારણ શરદી ઉદરસ તમારા સ્વાસ્થ્યની સંભાળ માટે આજે જ અમારા નિષ્ણાંતની સલાહ લ્યો.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક 99782 73000
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223 Mo.9978223000

મક્કમ મનોબળથી સંપૂર્ણ કાયમી વ્યસન છુટી શકે છે
મનોબળ મક્કમ કરવા માટે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨
ડો. ડબાવાલા
વ્યસનમુકિત તાલીમ કેન્દ્ર
અમરેલી ૨૨૩૦૧૫ (૪૫ વર્ષથી)

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત
વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૬-૧૨-૨૦૨૪ થી તા. ૨૧-૧૨-૨૦૨૪
કાયચિકિત્સા વિભાગ | સ્ત્રીરોગ વિભાગ | બાળરોગ વિભાગ
શાલક્ય વિભાગ | શલ્ય વિભાગ | આયુર્વેદિક પંચકર્મ વિભાગ
પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર
સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ - ૨૨૪૫૯૫
દવા તદ્દન ફ્રી આપવામાં આવશે

અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ બારે માસ ભરવાલાયક
સ્વાદ અને તંદુરસ્તી માટે...
11 ડબલ વન સીંગતેલ
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

અમરેલી એકસપ્રેસ
૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એકસપ્રેસ" દૈનિકના
૧૬માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એકસપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત | ડૉ. ઉપાસના સી. કુબાવત

અમરેલી એકસપ્રેસ
૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એકસપ્રેસ" દૈનિકના
૧૬માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એકસપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી વસંતભાઈ ગજેરા (ચેરમેન શ્રી)
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
શાંતાબા જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.
SHANTA baa

### મેડિકલ વેસ્ટનું કલીનીંગ કરવા બાબતે ડખ્ખો

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ સુપરવાઈઝર વચ્ચે માથાકૂટ

## નર્સિંગ સ્ટાફનાં કર્મીએ સુપરવાઈઝર પર કર્યો હુમલો

અમરેલી, તા. ૧૪

બગસરાના નટવરનગરમાં રહેતા આરોપી પારસભાઈ મનસુખભાઈ કાછડીયા અમરેલી ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ તરીકે નોકરી કરતા હોય અને અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ વૃંદાવન પાર્ક શેરી નં. ૩માં રહેતા સૌરભભાઈ નિલેશભાઈ પાથર નામના ૨૫ વર્ષિય યુવક સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ વિભાગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હોય. જેથી આરોપીને તા. ૧૩ના સવારના આઠેક વાગ્યા દરમ્યાન અમરેલી સિવિલ હોસ્પિટલમાં નવી બિલ્ડીંગમાં ચોથા માળે છ નંબરના વોર્ડમાં તેમજ ફોરવર્ડ ગ્રાઉન્ડમાં પી.ટી.સી. કોલેજ સામે આવેલ વોર્ડમાં બાયો મેડિકલ વેસ્ટનું કલીંનીંગ કરવાનું કહેતા સારૂ ન લાગતા આરોપીને સારૂ ના લાગતા સુપરવાઈઝરને ગાળો આપી છરી વડે મારી ડાબા હાથની આંગળીઓમાં ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસ.ટી.નાં ચાલકોની બેદરકારીનાકારણે ટ્રાફિક જામ સર્જાયો

# અમરેલીનાં વરસડા માર્ગ ઉપર ભારે વાહનોની અવર–જવર પર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ

## પાલિકાનાં પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાએ અધિકારીઓનુ ધ્યાન દોર્યુ

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં વરસડા રોડ ઉપર બ્રોડગેજ લાઈનને હિસાબે કામગીરી શરૂ હોવાથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારે વાનોને માર્ગ પરથી પસા થવાની મનાઈ કરતુ જોરનામુ





પ્રસિધ્ધ કરેલ જેનો એસ.ટી. બસના ચાલક અનાદર કર્યો તો.

આજે વરસડા માર્ગ ઉપર એસ.ટી. બસ પસાર થતી હોય રેલ્વે ફાટક નજીક ટ્રાફિક જામ સજર્મતા પાલિકાના પુર્વ કારોબારી ચેરમેનની કારપણ ટ્રાફિકમા ફસાઈ જતા તેઓએ જિલ્લા કલેકટર, પોલીસ અધિક્ષકને ટેલીફોનીક રજુઆત કરી હતી. અને બબ્બે કલાક સુધી ટ્રાફિક જામ થતાં ટુ–વ્હીલર અને કાર ચાલકો તોબા પોકારી ચુકયા હતા.

### કોઈએ નામ ન સાંભળ્યું હોય તેવી રમતમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો

# અરે વાહ : અમરેલીની ગજેરા સ્કુલનાં વિદ્યાર્થીઓએ કુરાશ રમતમાં રાજયકક્ષાએ વિજય મેળવી મેડલ મેળવ્યા

## વિદ્યાર્થીઓએ SGFIની કુરાશ રમતમાં ૧ ગોલ્ડ, ૩ સિલ્વર, અને ૪ બ્રોન્ઝ મેડલ મેળવ્યા



અમરેલી, તા. ૧૪

અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થીઓએ SGFIની કુરાશ ગેમ્સમાં મેડલ રચી હારમાળા, જે તારીખ ૧ ડિસેમ્બર ૨૪ના રોજ આણંદ ખાતે યોજાયેલ તેમાં જુદા – જુદા જિલ્લાઓના રમતવીરોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. જેમાં શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ સ્કૂલ વિભાગના ખેલાડીઓએ ગેમમાં ૧ ગોલ્ડ, ૩ સિલ્વર, અને ૪ બ્રોન્ઝ મેડલ મેળવ્યા. (૧) મકવાણા કુલદીપ ૭૩કેજી ગોલ્ડ મેડલ (૨) કુવાડીયા મિતેશ ૮૦કેજી સિલ્વર મેડલ (૩) ડાભી ધ્રુવિલ ૪૦કેજી સિલ્વર મેડલ (૪) મોડ કૃપાલસિં ૩૫કેજી સિલ્વર મેડલ (૫) બરવાળીયા ફેનીલ ૪૫કેજી



બ્રોન્ઝ મેડલ (૬) નાથજી મીત ૪૫ કેજી બ્રોન્ઝ મેડલ (૭) પટેલ હિલ ૬૬કેજી બ્રોન્ઝ મેડલ (૮) રાદડિયા દેવાંશ ૬૦કેજી બ્રોન્ઝ મેડલ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ તેમજ ટ્રેનરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજુલા : પગડીયા માછીમારી પરિવારોને જરૂરી સાધન સહાય કરવામાં આવી


રાજુલા, તા. ૧૪

જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા પોતાની ઔધ્યોગીક સામાજીક જવાબદારી અંતર્ગત અમલીકૃત માછીમારી આજીવિકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૧૫૨ જેટલા પગડીયા માછીમારી પરિવારોને માછીમારી માટે જરૂરી એવી ફિશીંગ નેટ, આઈસ બોક્ષ, પ્લાસ્ટીક ક્રેટ, દોરી વિગેરે જેવા ઉપયોગી સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા બે વર્ષથી જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા નાના પગડીયા માછીમારી કરતા પરિવારોનાં જીવન ધોરણમાં સુધાર અને આજીવિકા સંવર્ધન તેમજ વ્યવસાયીક મુલ્ય વર્ધન માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.



જે માટે ફાઉન્ડેશન દ્વારા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સિધો જ આ વંચીત સમુદાયને મળી રહે તે માટે જગૃતી ફેલાવવામાં આવી રહી છે તે ઉપરાંત મહીલા માછીમારીઓ માટે સ્વ સહાય જુથ અને આરોગ્ય સંવર્ધન કાર્યક્રમો પણ ચલાવવામાં આવી રહ્યા છે. આજના આ કાર્યક્રમને સફળ બનાવવા જીએચસીએલ લિમીટેડમાંથી સિનિયર જનરલ મેનેજર આરીફભાઈ માજોઠી ખાસ ઉપસ્થિત રહેલા. સી.એસ.આર વિભાગમાંથી સિનિયર ઓફીસર ડો. રવિ સોલંકી તેમજ હનીફ કાળવાતર સહભાગી બનેલા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભાવસિંહ વંશ દ્વારા કરવામાં આવ્યુ હતું.

# વીજપડીનાં વય મર્યાદાથી નિવૃત્ત થતાં એએસઆઈનું સન્માન થયું



તસ્વીર : સમીર ખોખર–વીજપડી

વીજપડી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે એ.એસ.આઈ. શ્રી સોલંકીનો વિદાય સમારોહ યોજાયો. સાવરકુંડલાનાં વીજપડી ગામે વીજપડી આઉટપોસ્ટમાં કોન્સ્ટેબલથી એ.એસ. આઈ થયા ત્યાં સુધી તેમની ફરજમાં નિષ્ઠા પ્રામાણિકતા સાથે પોતાની નોકરીનો કાર્યકાળ પૂર્ણ થતાં તેમનું શાલ ઓઢાડી તેમનું સન્માન કરેલ હતું સાદાઈથી યોજાયેલા આ વિદાય સમારોહમાં સાવરકુંડલાનાં રીપોર્ટર યાકુબભાઈ રસભર્યા, સોલંકીની પ્રસંશા કરતાં જણાવ્યું હતું કે સોલંકીએ હેડકવાર્ટરમાં રહીનેં તમામ વર્ગોને સાથે રાખીને ઉત્તમ સેવાઓ આપી છે આ વિદાય સમારોહમાં પત્રકારો સમીરભાઈ ખોખર, સંજયભાઈ વાઘેલા, દાદુભાઈ બેલીમ, તથા સામાજિક કાર્યકરો મૂકેશભાઈ મકવાણા, તેજાભાઈ રબારી, અરવિંદભાઈ આંબલીયા, વિજયભાઈ ગીરનારી, ગૌપ્રેમી રાહુલભાઈ ડોડીયા, હાર્દિક ગોસાઈ વગેરે ઉપસ્થિત રહી શ્રી સોલંકીનું સન્માન કરેલ હતું.

### પાલિકાનાં શાસકોએ રખડતા પશુઓને ડબ્બે પૂરવા જરૂરી

# જાફરાબાદમાં આખલાનાં યુધ્ધથી શહેરીજનોમાં ફફડાટનો માહોલ

## અવારનવાર નાના–મોટા અકસ્માતો થઈ રહ્યા છે

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ શહેરના બ્રિજ ઉપર તથા રોડ રસ્તાઓ ઉપર અડિંગો જમાવીને બેઠેલા પશુઓ મોટું અકસ્માત સર્જાય તેવી રીતે રોડ રસ્તાઓ ઉપર બેઠેલા આખલાઓ શહેરમાં રોડ રસ્તા ઉપર તથા રહેણાંક વિસ્તારોમાં આંટાફેરા મારતાં હોવાથી અને ધમધમતા ટ્રાફિકમાં અકસ્માત નોતરે તેવી ભિતી સિનિયર સિટીઝન ઉપર પણ આખલાઓ દ્વારા હુમલા કરવામાં આવ્યા છે. પશુઓના અડિંગોથી નિર્દોષોનો ભોગ લેવાય તે પહેલાં બજારમાં તથા શાકભાજી માર્કેટમાં તથા રોડ રસ્તા નવા બ્રિજ ઉપર પશુઓને દુર કરવામાં આવે તેવી કાર્યવાહી કયારે કરવામાં આવશે શહેરના ઠેરઠેર રેઢિયાળ પશુઓનો અડિંગો હોવાનાં કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં હોય અને અવારનવાર અકસ્માતો થતા હોવાથી માર્ગો ઉપરથી પશુઓનો ત્રાસ દૂર કરવો જરૂરી બન્યો છે. જાફરાબાદ શહેરના અનેક રોડ



રસ્તાઓ ભરચક્ક વિસ્તારમાં તથા બજારમાં માર્કેટમાં અને ભીડભાડ વાળા વિસ્તારમાં પર પશુઓના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આખલા યુદ્ધમાં નિર્દોષ લોકો અડફેટે ચઢે છે. જેના કારણે સારવાર લેવાની લોકોને ફરજ પડી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર પશુઓના અસહ્ય ત્રાસના કારણે રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા હોવા છતાં પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી રવિવારના દિવસે એક બાજુ લોકોની અવરજવર હોય માર્કેટમાં ત્યારે માલઢોર અંદર પ્રવેશ કરી આવતા હોવાથી બજારમાં માર્કેટમાં ખરીદી કરતા ગ્રાહકો ને આખલાઓ ચલતા ચલતા માથું મારતાં જતા હોય છે. પરંતુ જવાબદાર તંત્ર ઘોર બેદરકાર બન્યું હોય તેમ લાગી રહ્યું છે. રવિવારના દિવસે ગુર્જરી બજારમાં લોકોની સખ્ત મોટી સંખ્યામાં અવરજવર હોવા છતાં પશુઓનો ત્રાસ દૂર કરવાની કાર્યવાહી હજુ સુધી કરાઈ નથી અને શહેરમાં રાત્રીના સમય દરમિયાન રસ્તાઓ પર પશુઓનો અડિંગો રહેશે તો વાહન ચાલકો માટે ખૂબજ વિકટ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આ તમામ બાબતોને ધ્યાને લેવામાં તંત્ર ઘોર બેદરકાર બન્યું છે. છેલ્લા ઘણા સમયથી તંત્ર રેઢિયાળ પશુઓનો અડિંગો માર્ગો પરથી હટાવવા નક્કર કાર્યવાહી કરતું નથી શહેરની નગરપાલિકાનું તંત્ર હોય કે નેશનલ હાઈ–વે ઓથોરિટીનું તંત્ર હોય રેઢિયાળ પશુઓના મુદે નક્કર કાર્યવાહી કરતું નથી જવાબદાર તંત્ર બેલગામ બન્યું હોવાથી જાફરાબાદ વાસીઓ રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

### શીતલ આઈસ્કીમ, ઈન્દિરા શો.સેન્ટરનાં વેપારીઓ દ્વારા આવકાર

# અમરેલીમાં મુકબધીર શાળાનાં બાળકોને રેલી નીકળતા વેપારીઓ દ્વારા કિટ અર્પણ

## શાળાનાં ૭૫ જેટલા બાળકો રેલીમાં જોડાયા

અમરેલી, તા. ૧૪

અમરેલી મુકબધીર સેવા ટ્રસ્ટ સંચાલીત સ્કુલના ૨૫માં વર્ષમાં પ્રવેશ નિમીતે બહેરા મુંગાશાળાના બાળકો દ્વારા શ્રવણ મંદ દિવ્યાંગ બાળકોની મોન રેલી અમરેલી શહેરમાં નાગનાથ મંદિર થી હવેલી ચોક તેમજ ટાવર ચોકથી મેઈન બજાર, ઈન્દિરા શોપીંગ સેન્ટર પાસે આવેલ. જેમાં આશરે શાળાના ૭૫ બાળકો સાથે ભવ્ય મૌન રેલી હતી જેમાં અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ કરીયાણા એસોસીએશન તથા ઈન્દિરા શોપીંગ સેન્ટરના હોદેદારો દ્વારા બાળકોને એક કીટ બનાવીને અર્પણ કરવામાં આવેલ. જેમાં ચીકીનું પેકેટ, મમરાના લાડુના પેકેટ, ખજુર મસાલા મમરાનું પેકેટ તેમજ બિસ્કીટનાં બે પેકેટની કીટ બનાવવામાં આવેલ. તે બાળકોને



અર્પણ કરીને રાજી કરવામાં આવેલ તેમજ મોટા બસ સ્ટેન્ડ એસોસીએશનના પ્રમુખ દિનેશભાઈ ભુવા દ્વારા તેમની દુકાન પાસે બાળકોનું સ્વાગત કરી આઈસ્ક્રીમ ખવડાવીને રાજી કરવામાં આવેલ. જેમાં ડિસ્ટ્રીકટ ચેમ્બરના હોદેદારો હાજર રહેલ. જેમાં પ્રમુખ ચતુરભાઈ અકબરી તેમજ મુકુંદભાઈ ગઢીયા, યોગેશભાઈ ગણાત્રા, બાબુભાઈ કાબરીયા, જીલુભાઈ વાળા, નિતીનભાઈ સોની હાજર રહેલ. જેમાં અનીલભાઈ કાણકીયા તથા મુકબધીર શાળાના સંચાલક રઘુભાઈ તથા શિક્ષક ગણ બાળકોની સાથે રહીને સુંદર આયોજન કરેલ તે બદલ તેમને પણ ધન્યવાદ આપવા પડે. આ તકે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય બાળકોને પ્રોત્સાહન આપી ધન્યતા અનુભવે છે.

# સાવરકુંડલા ''કલા ઉત્સવ'' સ્પર્ધામાં ગર્લ્સ હાઈસ્કૂલની સિધ્ધિ



સાવરકુંડલા તા.

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની બહેન તારીખ ૨/૧૨/૨૪ના રોજ 'ગરવી ગુજરાત'થીમ આધારિત જીલ્લા કક્ષા કલા ઉત્સવ હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયેલ હતું. જેમાં એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ શાળાની વિદ્યાર્થીની બહેન પંડયા શ્રેયા ધર્મેશભાઈ એ સમગ્ર જીલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું અને પોતાના પરિવારનું ગેરવ વધારેલ છે. આગામી ઝોન કક્ષા 'કલા ઉત્સવ' તાલીમ ભવન–જુનાગઢ ખાતે તારીખ ૧૭/૧૨/૨૪ના રોજ ભાગ લેવા જશે. તૈયારી કરાવનાર પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તેમજ શિક્ષક લાલજીભાઈ રાઠોડે ભારે જહેમત ઉઠાવી હતી. નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવારે ખૂબ–ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી એમ રવિભાઈ જોષીની એકયાદીમાં જણાવાયું હતું.

### ભાજપા સરકારની અટકાવવું, લટકાવાવું અને ભટકાવવાની નીતિના કારણે

# ટેકનીકલ શિક્ષણ વિભાગના રેઢિયાળ વહીવટને લીધે ડીગ્રી–ડીપ્લોમાં ઈજનેરી કોલેજના ૪૦૦૦ અધ્યાપકો મળવાપાત્ર લાભોથી વંચિત

## એક અધ્યાપક પર વિશેષ પ્રેમથી ઓફલાઈન લાભ અપાયા : બાકીના ૪૦૦૦ જેટલા અધ્યાપકોને અન્યાય

અમદાવાદ, તા. ૧૪

સરકારી ઈજનેરી તેમજ પોલીટેકનિક કોલેજોના ૪૦૦૦ અધ્યાપકોના કિસ્સામાં પણ ઓફલાઈન ચકાસણી પ્રક્રિયા ઝડપથી કરીને સમય મર્યાદામાં ગ્રેડ પેનો લાભ આપવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા ડીપ્લોમા કોલેજના એક જ અધ્યાપકના સ્પેશિયલ કેસમાં માત્ર એક જ મહિનાના સમય ગાળામાં કેસની ત્રણ ગ્રેડની પ્રક્રિયા ઓફલાઈન પૂર્ણ કરી આદેશ કરવામાં આવેલ છે. જેમાં ગ્રેડ પે ૮૦૦૦ થી ૯૦૦૦ મંજૂરીની તારીખ ૧ જાન્યુઆરી ૨૦૧૬ પછી હોવા છતાં કોજન્ટ પોર્ટલ ઉપર પ્રકિયા કર્યા વગર ઓફ લાઈન ચકાસણી કરી ૨૯ નવેમ્બરેના રોજ મંજુરીનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ ૧૬ ડીગ્રી અને ૩૧ ડીપ્લોમાં સરકારી ઈજનેરી કોલેજના ૪ હજાર અધ્યાપકોને મળવાપાત્ર લાભથી વંચિત રહે તે રીતે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા આશરે ૪૦૦૦ અધ્યાપકોને કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ(કેસ) માટે પોર્ટલની ઓનલાઈન ચકાસણીની પ્રક્રિયા માટે ફરજીયાત પરિપત્ર કરવામાં આવે છે.

AICTEના ૧ માર્ચ ૨૦૧૯ના પરિપત્રના પાંચ વર્ષ બાદ ૧ માર્ચ ૨૦૨૪ના રોજ શિક્ષણ વિભાગ દ્વારા કેસ અંગે પરિપત્ર કરવામાં આવ્યો હતો. વર્ષોની રજૂઆત બાદ પરિપત્ર થતા સરકારી ડિગ્રી અને ડિપ્લોમા કોલેજોના અધ્યાપકો તેમના ૭–૮ વર્ષોથી લંબિત કેસ ટૂંક સમયમાં મળી જશે તેવી આશા જન્મી હતી. આ અંતર્ગત અરજીઓ મંગાવી ઓફલાઈન ચકાસણી કરી સત્વરે આદેશ થાય એવી વ્યવસ્થા ઉભી કરવાની બદલે ઓનલાઈન ચકસણી કરવા અંગે કમિશ્નર ઓફ ટેકનીકલ એજયુકેશન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો. ૩૦ જુલાઈ ૨૦૨૪ના પરિપત્ર દ્વારા તમામ અધ્યાપકોને કેસની અરજી ફરજીયાત કોજન્ટ પોર્ટલ ઉપર કરવા માટે સુચના આપેલ હતી. પરંતુ કોજન્ટ પોર્ટલ યોગ્ય રીતે થયેલ ન હોવાના કારણે ટેકનીકલ ક્ષતિઓને લીધે પોર્ટલ પર અરજી કરવામાં મોટાભાગના અધ્યાપકોએ વ્યાપક હેરાનગતિ ભોગવી હતી.

ટેકનીકલ શિક્ષણ કચેરી દ્વારા અધ્યાપકોને કોજન્ટ પોર્ટલ પર કેસ માટે ઓનલાઈન અરજી કરવા માટે ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ની સમય મર્યાદા આપેલ. પંરતુ ટેકનીકલ ક્ષતિઓને લીધે ટેકનીકલ શિક્ષણ વિભાગ દ્વારા અરજી કરવા માટેની છેલ્લી તારીખ બે વખત લંબાવી અનુક્રમે ૫ સપ્ટેમ્બર કરવાની ફરજ પડેલ. તેમાં પણ આજદિન સુધી કોજન્ટ પોર્ટલના ૫ તબક્કામાંથી માત્ર ૨ તબકકાની ચકાસણી પૂર્ણ થઈ છે, બાકીના ૩ તબકાની પરિપત્રના ૬ મહિના થયા છતાં અમલીકરણ થયેલ નથી, જે અધ્યાપકો માટે ખૂબ જ નિરાશાજનક બાબત છે. કોજન્ટ પોર્ટલ જે ગતિથી ચાલી રહ્યુ છે તે જોતા હજુ ૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં અધ્યાપકોની ગ્રેડ પે ૬૦૦૦ થી ૭૦૦૦ તેમજ ગ્રેડ પે ૭૦૦૦ થી ૮૦૦૦ એમ બે ઈવેન્ટ તો દૂર રહી પરંતુ પ્રથમ ઈવેન્ટ પણ પૂરી થઈ જરૂરી આદેશ થશે કે કેમ એ પણ અનિશ્ચિત જણાય છે. આ રીતે ટેકનીકલ ક્ષતિઓ તેમજ સંવેદનશીલતાના અભાવે સરકારે કેસ જાહેર કર્યાને અંદાજે ૧૦ મહિના થયા છતાં હક/ન્યાય/લાભથી વંચિત અધ્યાપકો નાણકીય અને કારકિર્દીને ભારે નુકસાન થઈ રહ્યું છે. ભાજપા સરકારની અટકાવવું, લટકાવાવું અને ભટકાવવાની નીતિના કારણે પાંચ તબકકાની ચકાસણીમાં વિલંબથી ૪૦૦૦ અધ્યાપકો હકથી વંચિત રહે તેવી સ્થિતિ જણાય છે.

# ''અમરેલી એક્સપ્રેસ''નાં ૧૬માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે અવિરત શુભકામનાઓ



અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક વર્તમાનપત્રનાં ૧૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ભાજપ પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર, બિપિન ગાંધી, એડવોકેટ ચેતન રાવલ, યોગેશ કોટેચા, નયન જોષી, મધુભાઈ આજગીયા, લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, જીતુભાઈ રૂપારેલીયા, જગદીશભાઈ સેલાણી, સતિષભાઈ આડતીયા, રમણીકભાઈ ગઢીયા તેમજ નિવૃત્ત શિક્ષક બિપિનભાઈ જોષી અને અમરેલીનાં પત્રકાર જાવેદખાન પઠાણ, વેપારી અગ્રણી રાજેશ ગાંધી, દિપક મહેતા, હરેશ સાદરાણી, દિલશાદશેખ તેમજ વાલજીભાઈ અને ચિંતન સેલાણી, એડવોકેટ મુઝફર હુસેનશૈયદ ધ્વારા તંત્રી મનોજ રૂપારેલને શુભકામના પાઠવવામાં આવી હતી.

### અમરેલીનાં વરસડા ગામની ઘટના

## પતિએ કપાસ ઉતારવાનું કહેતા પત્નીએ ઝેરી દવા ગટગટાવી લેતા મોત

### નાયબ પોલીસ અધિકારીએ તપાસ આદરી

અમરેલી, તા. ૧૪, મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલીના વરસડા ગામના હરેશભાઈ નાનજીભાઈ સરખેદીની વાડીએ રહેતા નુરૂભાઈ ઉર્ફે નારાયણભાઈ નાહરસિંહભાઈ બગેલ (વાસ્કલા)એ ગત તા. ૧૦ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે પોતાની પત્નિ સજનીબેનને કપાસ ઉતારવાનું કહેતા તેણીને સારૂ નહી લાગતા તે વાતનું મનદુઃખ રાખી પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેણીનું મોત નિપજતા નાયબ પોલીસ અધિકારી ચિરાગ દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

### ભાજપ સરકારને મોંઘવારીનું મારણ મળતું નથી

## ટમેટા, લસણ અને ડુંગળીનાં ભાવો સાંભળીને ભર શિયાળે પણ પરસેવો વળી જાય તેવી સ્થિતિ

### શિયાળાની મોસમમાં રીંગણાનો ઓળો બનાવવો મુશ્કેલ બન્યો



સાવરકુંડલા, તા. ૧૪

એક તો શિયાળાની ઋતુ અને ઠંડીએ હવે જોર પકડયું છે ત્યારે આવા વાતાવરણમાં ઉંધીયું ઓળાની મોજ માણવી એ ખરેખર જીવનનો લ્હાવો જ ગણાય. ઓળાની વાત થાય એટલે લસણ, ટામેટાં ડુંગળી અને કોથમીર વગેરેની આવશ્યકતા હોય. એવી વેળાએ લસણના ભાવ ૪૦૦ પ્રતિ કિલો ડુંગળી અને ટમેટા પણ ૫૦ને પાર જતાં લોકો પરેશાન. માર ગઈ હમેં યે મહેંગાઈ..!! આમ ગણીએ તો ખાસ કરીને કાઠિયાવાડી ભોજનને સ્વાદિષ્ટ અને મસાલેદાર બનાવવામાં લસણ, ડુંગળી અને ટમેટાની ખૂબ મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. અને એમાં પણ આ તો શિયાળાની ઋતુ એટલે જેમ જેમ ઠંડી વધે તેમ તેમ રીંગણાનો ઓળો અને ઉંધીયાનો ભોજનમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો હોય છે. અરે ભરેલાં રીંગણામાં પણ લસણનો પ્રચુર માત્રામાં ઉપયોગ થતો હોય છે સાથે સાથે લસણની સ્વાદિષ્ટ ચટણીનો પણ આ શિયાળામાં વધુ ઉપયોગ કરવામાં આવે છે. એવી વેળાએ લસણના ભાવમાં તોતિંગ ઉછાળો આવતાં ગૃહિણીઓ પણ પરેશાન જોવા મળે છે. વળી લસણની કળીઓને ઘીમાં સાંતળીને તેનો ઉપયોગ કરવાથી હદય માટે સ્વાસ્થ્ય વર્ધક ગણાય છે.

શિયાળાની ઋતુમાં ચોમેર લીલા શાકભાજીનું ઉંધીંયુ તેમજ કાઠીયાવાડી જમણ ઓળા રોટલાની સીઝન પુર બહારમાં જામે ત્યારે લસણ, ટમેટા અને ડુંગળીની માંગમાં પણ પ્રચુર માત્રામાં વધારો થતો જોવા મળે છે. સાવરકુંડલા શહેરની શાકમાર્કેટમાં હાલ લસણ રૂા ૩૫૦ થઈ ૪૦૦ના કિલો બોલાય રહ્યાં છે. તો ડુંગળી ટમેટા ૫૦ને પાર છે.!! હવે આગામી તા. ૧૫ ફેબ્રુઆરી બાદ જ નવું લસણ બજારમાં આવશે તેથી ત્યાં સુધી લસણના ભાવ ઘટવાની જરાપણ શકયતા નથી તેમ જણાવી લસણના વિક્રેતાએ જણાવી વધુમાં ઉમેર્યુ હતુ કે, હવે સંગ્રહાયેલ લસણનો જથ્થો ઘટશે તો હાલના લસણના ભાવમાં હજુ પણ વધારો થાય તેવી આશંકા સેવાઈ રહી છે. પાંચસો સુધી ભાવ પહોંચી જાય તો નવાઈ નહી. દર વર્ષે શિયાળામાં ઓળા રોટલાની સીઝન તેમજ લીલાછમ્મ શાકભાજીની આવક વધતા ઉંધીયાનો વપરાશ વધે છે એટલું જ નહિ પરંતુ લગ્નસરાની સીઝન જામતાં લસણ અને ડુંગળીનો વપરાશ વધે છે. એટલે આ ડિસેમ્બર મહિનામાં પણ આ કડકડતી ઠંડીમાં પણ લોકોએ લસણ ડુંગળી અને ટમેટાના ઉંચા ભાવ ચૂકવવા તૈયાર રહેવુ પડશે. આમ ભર શિયાળે હવે રીંગણાનો ઓળો ખાવા માટે લોકોએ વધુ ખર્ચ કરવો પડશે..!! એ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### નવા મકાન બન્યાને મહિનાઓ પસાર થયા છતાં ઉપયોગ નથી

## હે રામ : બગસરામાં ફાયર એન.ઓ.સી.નાં અભાવે જનતાનાં પરસેવાના પૈસે બનેલ શાળાનાં મકાન ખંડેર હાલતમાં

### જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ કોઈ ઉકેલ શોધે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરામાં શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને બેસવા માટે સારા વર્ગખંડો મળી રહે તે માટે કરોડોના ખર્ચે બિલ્ડીંગ બનાવેલ છે પરંતુ ફાયર એનઓસી ન મળતા આ મકાનો ખંઢેર થવાની સ્થિતિમાં છે.

બગસરા તાલુકામાં છેલ્લા બે વર્ષોમાં રાજય સરકાર દ્વારા અનેક શાળાઓને જર્જરિત ઓરડાઓમાંથી અધ્યતન બિલ્ડીંગમાં બદલી નાખેલ છે. પીઠડીયા, કન્યાશાળા, તાલુકા શાળા, હામાપુર, સુડાવડ, જૂની હળિયાદ, વગેરે ગામમાં કરોડોના ખર્ચે અધ્યતન શાળાના મકાનો તૈયાર કરવામાં આવેલ છે. જેમાં મોટાભાગની શાળાઓમાં ફાયર એનઓસીનો પ્રશ્ન ન હોય વિદ્યાર્થીઓ નવા બિલ્ડિંગમાં શિક્ષણ મેળવી રહ્યા છે. પરંતુ બગસરા શહેરની એવી અનેક શાળાઓ છે જેને બિલ્ડીંગ તૈયાર થઈને અનેક મહિનાઓ થઈ ગયા હોવા છતાં ફાયર એનઓસી આપવામાં આવેલ નથી. બગસરામાં કન્યાશાળા તેમજ તાલુકા શાળા બંને શાળાને ફાયર એનઓસી ન મળતા વિદ્યાર્થીઓ આજે પણ નવા બિલ્ડિંગમાં બેસી શકતા નથી. ફાયર એનઓસીના ન હોવાને કારણે આદ્યતન મકાનો ખંઢેરમાં ફેરવાઈ રહ્યા છે. બાળકોને ઉપયોગમાં આવી શકે તેમ ન હતા તો આવા બિલ્ડિંગોમાં કરોડોનો ખર્ચ સરકારે શા માટે કર્યો તેવા સવાલો વાલીઓમાં ઉઠી રહ્યા છે.

### સાગરખેડૂઓ જીવનાં જોખમે કરે છે માચ્છીમારી

## જાફરાબાદથી ૧૧ નોટીકલ માઈલ દૂર બોટમાંથી મારછીમાર દરિયામાં પડી જતાં મોત

### શ્વાસ રૂંધાઈ જવાથી મોત નિપજયું

અમરેલી, તા. ૧૪

જાફરાબાદના સામાકાંઠાના બાગ વિસ્તારમાં રહેતા અશોકભાઈ પીઠાભાઈ બાંભણીયા નામના ૩૭ વર્ષિય યુવક શ્રી હરિહર નામની બોટમાં તા. ૧૨ ના રાત્રીના અગિયાર વાગ્યા પહેલા જાફરાબાદ જેટીથી દરીયામાં ૧૧ નોટીકલ માઈલ દુર માચ્છીમારી કરતા હતા. ત્યારે કોઈ કારણોસર બોટમાંથી દરીયાના પાણીમાં પડી જતાં તેમની સાથેના ખલાસીઓએ યુવકને બહાર કાઢી જાફરાબાદ સરકારી દવાખાને લાવતા ફરજ પરના તબીબે તપાસ કરી પાણીમાં ડુબી જવાથી ાસ રૂંધાઈ જતા મરણ ગયાનું જાહેર કરેલ હતું.

### લગ્નનાં રૂડા ગીતોનાં ગુંજનમાં વેકેશન

## અમરેલી જિલ્લામાં આજથી લગ્નની મૌસમમાં એક માસનો વિરામ આવશે

### જો કે અમુક વ્યકિતઓ જુના રીત–રીવાજ છોડીને મેરેજ કરશે

સાવરકુંડલા, તા. ૧૪

લગ્નસરાની મોસમ એક માસ માટે વિરામ લેશે. ડિસેમ્બરની ૧૫ મી તારીખે રાત્રિના ૧૦:૧૨ મિનિટે ધનારખ બેસે છે અને તારીખ ૧૪/૧/૨૦૨૫ ને મંગળવારે મકરસંક્રાંતિના દિવસે સવારે ૮:૫૪ કલાકે ધનારખ પૂર્ણ થશે. વળી પાછા લગ્ન મૂહર્તની એ જ પુનઃલગ્નસરાની મોસમ ધમધમી ઉઠશે. એટલે કે આવતીકાલ પછી એક માસ માટે લગ્ન સમારંભો બંધ રહેશે. આમ તો આ લગ્નસરાનાં દિવસોમાં અનેક આશાસ્પદ યુવક–યુવતીઓનાં ઢોલ ઢબુકિયા. કોઈ કે ફાર્મ હાઉસ બુક કર્યા તો કોઈ કે થ્રી સ્ટાર કે ફોર ફાઈવ સ્ટાર હોટેલો બુક કરાવી. તો કોઈ કે પોતાના સમાજની જ્ઞાતિવાડી બુક કરી લગ્ન પ્રસંગ રંગેચંગે ઉજવ્યો. જો કે પહેલાં તો લગ્ન વિધિ લગભગ કન્યાનાં ઘરનાં આંગણામાં થતી હવે એ પ્રથા સાવ નાબૂદ થતી જોવા મળે છે અને પહેલાં લગ્નવિધિ પણ રાત્રિના સમયે યોજાતી હવે તો એ ભાગ્યે જ જોવા મળે છે. કોઈ કે તો વળી એ પચાસ વર્ષ પૂર્વેની શણગારેલાં બળદ ગાડામાં જાન લઈ જવાની પરંપરાને જાળવી, તો કોઈના વિવાહમાં હેલિકોપ્ટરનો ઉપયોગ પણ થયો. આમ ખૂબ હોંશ અને ઉમંગ આનંદથી અનેક નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં. આમ પણ લગ્ન એ જીવનનો સૌથી મહામૂલો અને અણમોલ પ્રસંગ હોય લોકો પોતાના વૈભવ અને ઐશ્વર્યને છલકાવવા માટે કોઈ પણ પ્રકારની બાંધછોડ ન કરતાં જોવા મળેલ. હા, કોઈ કોઈ સ્થળે ચાંદલામાં આવેલી ધનરાશિનો ઉપયોગ સામાજિક સંસ્થામાં અનુદાન કરીને પણ કરવામાં આવેલ. આમ તો રંગેચંગે યોજાતા આવા માંગલિક પ્રસંગો જ આ જીવનને હર્યુંભર્યું રાખે છે તે પણ આ વિવાહ વિધિ દરમ્યાન સિધ્ધ થયું. હવે આવતીકાલ પછી એક માસનો ઈન્ટરવલ પડી જશે. જો કે અમુક પરિવારોમાં કમુર્હતમાં પણ લગ્નનું આયોજન કરાયું હોવાનું જાણવા મળેલ છે.
















## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ : ૨૧૩- ૧૯૬૨**

**"કહી દીપ જલે ..કહી ..દિલ ..જરા ..દેખ લે આકર ..પરવાને ..."**

**"સપને સુહાને લડક પન કે ..મેરે નૈનો મે ડોલે બહાર બન કે"**

**પ્રિય વાચક મિત્રો,**

આજના ફિલ્મી સફરની શરૂઆત પેહલા. અમરેલી એક્સપ્રેસ જે ૧૨-૧૨-૨૪ના રોજ ૧૬માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે, તેની શુભેચ્છા તંત્રી શ્રી મનોજભાઈ રૂપારેલિયા અને સહ તંત્રી મિલાપ ભાઈ રૂપારેલિયા અને સમગ્ર અમરેલી એક્સપ્રેસ ટીમને આપણે હદય પૂર્વકની શુભ કામનાઓ આપીએ. અમરેલી એક્સપ્રેસ અમરેલી જિલ્લાના નાગરિકોનું અખબાર છે, ભ્રષ્ટાચાર, ગેરરીતિ, ગુંડા ગર્દી, કે સામાન્ય જનતાને લગતા કોઈ પણ પ્રશ્નો પર આ અખબાર લડતુ આવ્યું છે, જે અમરેલી જિલ્લાની જનતા માટે એક આશીર્વાદ સમાન છે.

૧૯૬૨ના વર્ષની સૌથી સફળ એટલે કે પ્રથમ નંબરની ફિલ્મ બીસ સાલ બાદની વાત ચાલી રહી છે, આજે આપણે ૧૯૬૨ના ફિલ્મફેર એવાર્ડ, બીસ સાલ બાદની કહાની અને સંગીતની વાત બાદ ૧૯૬૩ના વર્ષની વાત કરીશું.

૧૯૬૨ થી દર્શકો બદલાયા છે, અહી રાજેન્દ્ર કુમાર,



શમ્મી કપૂર, અને જોય મુખર્જી પાછળ યુવાનો દિવાના બન્યા છે. રાજ કપૂર ૧૯૬૩માં સફળ રહ્યા, પણ તેમની ફિલ્મ ટોપ ટેન સુધી પહોચી નહીં, દિલિપ કુમારની ૧૯૬૩માં પણ કોઈ ફિલ્મ પ્રદર્શિત થઈ નથી. દેવ આનંદ જેને આપણે સદા બહાર કહીયે છીએ તેમની ફિલ્મ ટોપ ટેન માં રહી..૧૯૬૨ના સૌથી સફળ કલાકાર શમ્મી અહી પાછળ છે, તો રાજેન્દ્ર અને જોય આગળ છે, પણ આ બધા કરતાં ૧૯૪૦ થી અભિનય સમ્રાટ અશોક કુમાર આ વર્ષે સેથી સફળ નાયક રહ્યા, તેમની છ ફિલ્મોમાં ત્રણ સુપર હિટ, અને બે હિટ રહી.

૧૯૬૩ની ફિલ્મોની વાત કરીયે તે પેહલા બીસ સાલ બાદની કથા અને સંગીતની વાત કરીયે // બીસ સાલ બાદ ..એ ફિલ્મ આજે ૬૨ વર્ષ બાદ પણ આજે જોઈએ તો ગમે તેવી ફિલ્મ છે. તેના પાછળ બીરેન નાગના નિર્દેશનની કમાલ છે. કુમાર (બિજિત) વિદેશ થી અભ્યાસ પૂર્ણ કરી તેની હવેલી એક ગામમાં છે ત્યાં જવા તે ગામના રેલ્વે સ્ટેશન પર રાત્રે ઉતરે છે, તેની મિલકતના ટ્રસ્ટી ડો. મદન પૂરી તેને તોડવા આવ્યા છે, રસ્તામાં મદન, કુમારને કહે છે કે, તેણે અહી આવી ભૂલ કરેલ છે, ભૂતકાળમાં તેના દાદા, પિતા અને કાકાના અપમૃત્યુ અહી થયા છે, અને તેમના ખાનદાનને એક ભૂતની આત્મા બદલાની ભાવનાથી મારી રહી છે, અને તે અહી રોકાશે તો તેના જીવને જોખમ છે. કુમાર ડો મદનને પૂછે છે કે, તેના મર્યા બાદ આ મિલકતનો હકદાર કોણ છે ? તો ડો મદન તો ટ્રસ્ટી હોવાના લીધે તેનું નામ કહે છે, કુમારને ડો. મદન પર શંકા જાય છે. હવેલીમાં પહોચતા એક બિહામણો નોકર તેનું સ્વાગત કરે છે, રાતે કુમારને કોઈ સ્ત્રીના રડવાનો અવાઝ સંભળાય છે. તે નોકર લક્ષ્મણ (દેવકિશન)ને તે બાબતે પૂછે છે તો લક્ષ્મણ તેને હવેલીની એક તસવીર બતાવી કહે છે કે, આ યુવતી પર તેના દાદાએ બળાત્કારનો પ્રયત્ન કરેલ, તે યુવતી ગુજરી ગયા બાદ તેની આત્મા કુમારના પરિવાર જનોની હત્યા કરી રહી છે, આટલી વાત કહેતા જ તસવીર તેની મેળે ટૂટી જાય છે. કુમારને ડર તો લાગે છે, પણ તે બહાદુર છે, તેથી સત્ય સુધી પહોચવાનો સંકલ્પ કરે છે.

કુમારની મુલાકાત વહિદા એટલે કે રાધા સાથે થાય છે, જે પ્રણયમાં બદલે છે, રાધા ગામના વૈદ્યરાજ મનમોહનની ભત્રીજી છે, કુમાર તેને મળવા મનમોહન પાસે જાય છે, ત્યાં તેની મુલાકાત ગામના એક અપંગ યુવાન સાથે થાય છે, જે એક આંખે અંધ તેવા તેના મિત્ર સાથે હમેશા જોવા મળતો હોય છે, તે યુવાન સજજનની હાલ ચાલ કુમારને શંકાસ્પદ લાગે છે, સજજન અને તેનો મિત્ર અપંગ કે અંધ નથી તે જાણી દર્શકોને તેમના પર પૂરી શંકા થાય છે. એવામાં અસિત ન એટલે કે ગોપીચંદ જાસૂસ ઈનામની લાલચે તે હવેલીમાં ખૂનીને શોધવા આવે છે. એક દિવસ તે લક્ષ્મણને હવેલી પરથી કોઈને ઈશારા કરતો જોઈ જાય છે. તે કુમારને વાત કહે છે, કુમાર જયાં દલ દલ છે ત્યાં જાય છે, કુમારનો કોટ ચોરાઈ જાય છે, અને તે કોટ પહેરેલ વ્યકતીનું ખૂન થઈ જાય છે, રાધા કુમારને ગામ છોડવા કહે છે, પણ કુમારના કહે છે, રાધા અને કુમારના પ્રેમને મનમોહન સ્વીકારતો નથી, પણ તેના પ્રેમના અતુટ બંધન પાસે તે હારી જાય છે. ગોપીચંદ સજજનનો પીછો કરે છે, ત્યારે તેને ખબર પડે છે કે સજજન અને તેનો મિત્ર તો પોલીસ અધિકારી છે. બીજી તરફ કુમાર ફરી દલ દલ તરફ જાય છે, તો ડો મદન તેની પાછળ જાય છે, ત્યાં કુમાર પર હુમલો થાય છે, અને માનશો ? મનમોહન આ તમામ હત્યાનો ખૂની છે, તે કુમારને ખ્યાલ આવે છે, કુમારના દાદાએ મનમોહનની પુત્રીને મારી હતી, તેથી મનમોહન ઠાકુર વંશનો દુશ્મન બન્યો હતો, તેના કોટ પહેરેલ વ્યકિતએ લક્ષ્મણનો બનેવી હતો જે કોટ લક્ષ્મણે ચોર્યો હતો, અને મનમોહને તેને કુમાર સમજી મારી નાખ્યો હતો, તે વાત પણ મનમોહન કબૂલ કરે છે, ડો મદન પોલીસ લઈ ત્યાં પહોચે છે, અને સજજન મનમોહનને મારી એકડરથી ગામને દૂર કરે છે, રાધા અને કુમાર એક થાય છે.

ફિલ્મના ગીતો આજેપણ યાદગાર ગીતો પૈકીના છે. કહી દીપ જલે કહી દિલમાં લતાજીના સ્વરનું અહી વર્ણન અશકય છે, તો હેમંત કુમારના સ્વર ગવાયેલ ગીતો આજે



પણ તેના આલબમમાં યાદગાર ગીતોની શ્રેણીમાં છે. ફિલ્મ સુપર હિટ રહી હતી.

૧૯૬૨ના ફિલ્મ ફેર એવાર્ડ ૧૩-૬-૬૩ માં બોમ્બેમાં પ્રદર્શિત થયા, જે નીચે મુજબ છે. ૧) બેસ્ટ ફિલ્મ – બીસ સાલ બાદ .. ૨) બેસ્ટ નિર્દેશક – આબરાર અલ્વિ – ફિલ્મ સાહેબ બીબી એર ગુલામ ૩) બેસ્ટ એકટર – અશોક કુમાર .ફિલ્મ રાખી .૪) બેસ્ટ એક્ટ્રેસ – મીના કુમારી ફિલ્મ સાહેબ બીબી એર ગુલામ ૫) બેસ્ટ સપોર્ટિંગ એકટર – મહેમુદ – ફિલ્મ દિલ તેરા દિવાના .૬) બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ – શશિકલા – ફિલ્મ આરતી, ૭) બેસ્ટ સંગીતકાર – શંકર –જયકિશન ફિલ્મ પ્રોફેસર ૮)બેસ્ટ ગીતકાર – શકીલ બદાયુની – ફિલ્મ પ્રોફેસર ગીત એ ગુલબદન .૯) બેસ્ટ સિંગર મેલ – મહમદ રફી. ફિલ્મ પ્રોફેસર ગીત એ ગુલબદન ૧૦) બેસ્ટ સિંગર ફિમેલ – લતા મંગેશકર – ફિલ્મ બીસ સાલ બાદ – ગીત કહી દીપ જલે.૧૧) બેસ્ટ કહાની –કે પી કોદધારકર ફિલ્મ રાખી .૧૨) બેસ્ટ સંવાદ – અખ્તર ઉલ ઈમાન ફિલ્મ ધર્મ પુત્ર ૧૩ ) બેસ્ટ એડિટિંગ–કેશવ નંદા –ફિલ્મ બીસ સાલ બાદ ૧૪) બેસ્ટ સિનેમા ઓટો ગ્રાફી – વી કે મૂર્તિ – ફિલ્મ સાહેબ બીબી એર ગુલામ ૧૫) બેસ્ટ સાઉન્ડ – એસ વાય પાઠક –ફિલ્મ બીસ સાલ બાદ.

૧૯૬૨માં બે કલાકારો અમર થયા. છાબી વિસ –જે ૧૩-૭-૧૯૦૦માં જન્મ અને ૧૧-૭-૧૯૬૨માં અમર થયા. હિન્દી બંગાળી મૂક ફિલ્મોથી લઈ બોલતી ફિલ્મોમાં તેઓ એક સફળ એકટર તરીખે પ્રચલિત હતા, બીજા છે સંગીતકાર, એકટર, ગાયક, નિર્માતા એવા કલાકાર કૃષ્ણા ચંદર ડે ..જે મન્ના ડે ના કાકા થાય છે. ૨૪-૮-૧૮૯૩માં જન્મ અને ૨૮-૧૧-૧૯૬૨માં અમર થયા. ૧૯૩૨ થી તેઓ હિન્દી અને બંગાળી ફિલ્મોમાં સક્રિય રહ્યા હતા, તેમની જાણીતી ફિલ્મોમાં દેવદાસ ૧૯૩૬ અને તમ્મન્ના ગણી શકાય. આ બન્ને કલાકારોને શ્રદ્ધાંજલી અર્પણ કરીયે અને આ સાથે ૧૯૬૨ના વર્ષની ફિલ્મી સફર અહી પૂર્ણ થાય છે.


૧૯૬૩માં નવા કલાકારોનો પરિચય તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું, અહી એક પરિચય આગામી અંકમાં લેવો જરૂરી છે, કારણ કે અમુક કલાકારએ હિન્દી સિનેમા માં એક એવું સ્થાન બનાવી દે છે, જે અનેરૂ હોય છે, આવા એક સંગીતકારનો પરિચય અને તેની ફિલ્મની વાત આગામી અંકમાં કરીશું. ૧૯૬૩માં રાજેન્દ્ર કુમાર સૌથી સફળ કલાકાર રહ્યા, તો અશોક કુમાર ત્રણ સુપર હિટ ફિલ્મો સાથે રાજેન્દ્રની સાથે ઊભા રહ્યા, ૧૯૪૦ના દસકના અભિનેતા ૨૨ વર્ષ પછી પણ તે સમયના કલાકારોની હરોળમાં રહતા હતા, તે જ તેમની અભિનય ક્ષમતાનો પુરાવો છે, દિલિપ કુમાર હોય કે અમિતાભ અશોક કુમારના અભિનયને તેમણે તેમની અદાકારીમાં સમાવવો પડે જ તેમાં કોઈ શંકા નથી. એકટ્રેસમાં નુતન માલા સિંહા, મીના કુમારી , આશા પારેખ , વહિદા રેહમાન , સાધના , શ્યામા , સફળ રહ્યા , જેમાં નુતન ની ત્રણ ફિલ્મો આવી , અને બે ફિલ્મ સુપર હિટ અને એક સફળ રહી , અને તેઓ સેથી સફળ નાયિકા રહ્યા , પણ પ્રથમ નંબરે સાધના છવાયા હતા . સંગીતકારમાં શંકર જય કિશન, એસ ડી બર્મન, આ પી નૈયર, રવિ જયદેવ , મદન મોહન, કલ્યાણ જી આનંદ જી, લક્ષ્મીકાન્ત પ્યારેલાલ, નેશાદ, સૌથી સફળ રહ્યા, તો ગીતકારમાં શકીલ બદાયુની, ગુલઝાર, સાહિર લૂધ્યાનવી, શૈલેન્દ્ર, હસરત જઈપૂરી, મજરૂહ સુલ્તાન પૂરી, ઈંદિવર, રાજેન્દ્ર કૃષ્ણા, અશદ ભોપાલી, સફળ રહ્યા. આગામી અંકમાં લક્ષ્મીકાન્ત પ્યારેલાલના પરિચય અને તેની સફળ ફિલ્મ સાથે મળીશું. આભાર.


# સ્વસ્થ વૃધ્ધાવસ્થા

**(આગળના પેઝનું ચાલુ છે.... )** જેમને શીરોરોગ હોય,આધાશીશી નો દુખાવો હોય કે સતત માથું દુખતુ હોય, ઉંઘ ન આવતી હોય, અતિ કુશ કે પાતળું શરીર હોય એટલે કે જેમને વજન વધારવું કે ઘટાડવું હોય તથા માથામાં ખોડા, ઉંદરી(ઈન્દ્રલુપ્ત) તથા ત્વચાના રોગોમાં અભ્યંગને અડધી ચિકિત્સા ગણાવાય છે. પ્રતિદિન અભ્યંગ કરવાથી શરીર નો થાક દુર થાય છે.વાયુના રોગો શાંત થાય છે.ચક્ષુઓનું તેજ વધે છે. શરીરની માંસપેશીઓ સ્નાયુઓ અને ગાત્રો દ્રઢ બને છે. કરચલીઓ અને રૂક્ષતા દુર થાય છે અને મોઢું ભરાવદાર બને છે. ઉંઘ સારી આવે છે અને આયુષ્યની વૃધ્ધિ થાય છે. અભ્યંગ માટે તલનું તેલ ઉતમ હોવા છતાં હાઈ બ્લડપ્રેશર તથા લો બ્લડપ્રેશર જેવા રોગોમાં શુધ્ધ ઘી નો ઉપયોગ હિતાવત બને છે

આ સિવાય જે રોગોમાં તેલ હિતાવહ નથી, એવા રોગોમાં ઔષધ સાધિત ઘ્રુતનો ઉપયોગ કરવામાં આવે છે. અભ્યંગ માટે તેલ ને પ્રધાનતા એટલા માટે આપવામાં આવી છે કે વાયુના વિકારો નષ્ટ કરવાની તેમાં ક્ષમતા રહેલી છે. ત્વચા પર માલિશ કરવાથી ત્વચાની તથા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. અભ્યંગ આખા શરીરનું તર્પણ કરે છે. અભ્યંગ દ્વારા તેલનો સ્નેહાંશ શીરાઓ, રૂંવાટી અને વાળના મુળો તથા રકતવાહી ધમનીઓ દ્વારા ઉતરોતર રસ,રક્ત, માંસ,મેદ, અસ્થિ,મજ્જા અને શુક્ર સાતેય ધાતુઓની વૃધ્ધિ કરે છે.

**નસ્ય આપવાની વિધિ:** જેને નસ્ય આપવાનું હોય તેને બધા આવશ્યક પ્રાત:કર્મ પતાવી પછી






શિર:પ્રદેશનું સ્નેહન(માલીશ) અને સ્વેદન (વરાળ થી શેક આપવો) કરવું.પછી રોગીને સીધો પવન ન લાગે એવા સ્થાનમાં પથારીમાં બેસાડી ઉર્ધ્વજત્રુ ભાગમાં પુન: સ્વેદન કરવું. પછી તેને ચતો, સીધો તથા હાથપગ પ્રસારીને સુવડાવવો અને પલંગને પગ તરફથી થોડો ઉંચો અને માથાના ભાગેથી થોડો નીચો રાખવો. ત્યારબાદ ગરમ પાણી કે વરાળથી ઔષધને થોડુંક ગરમ કરી ડ્રોપર અથવા રૂ ના પુમડા દ્વારા વારાફરતી એક નસકોરૂં બંધ કરી બીજા નસકોરામાં ઔષધદ્રવ્ય નાંખવું. નસ્ય આપ્યા પછી પગનાં તળિયાં,ખભા,હાથ,કાન,ડોક,કપાળ વગરેનું મર્દન કરવું.પછી ધીમેધીમે નાસા દ્વારા શ્વાસને ઉપર ખેંચી બન્ને બાજુએ(સુઈ જઈ શ્વાસ ખેચવો તથા મુખમાં આવેલા કફ કે સ્ત્રાવને ) થુંકી નાંખવુ. આ પ્રમાણે બધી ઔષધિ બહાર નીકળી જાય ત્યાં સુધી કરવું અને (બધુ જ નસ્ય ઔષધ એકી સાથે ન લઈ લેતાં) બેથી ત્રણ વાર નસ્ય લેવું.નસ્ય આપ્યા પછી એક થી સો સુધી ગણાઈ ત્યા સુધી ચતા સુઈ રહેવું. તે પછી કંઠની શુધ્ધિ માટે નવશેકા પાણીના કોગળા કરવા.

વૃધ્ધાવસ્થા માં ભોજન:

'સવારે નાસ્તો : ઘરના બનાવેલા ૨ ખાખરા અથવા એક નાની જાડા લોટ ની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

'બપોરે જમવામાં: ૩ ફુલકા રોટલી, ૧ વાટકી શાક, ૧ વાટકી દાળ, ૨




ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગીન સલાડ, ૧ વાટકી છાશ

'બપોરે : એક કપ ચા, ઋતુ મુજબના ફ્રુટ(૫૦૦ ગ્રામ) અને ડ્રાયફ્રુટ – ૫૦ ગ્રામ (બદામ, પીસ્તા, અખરોટ, અંજીર)


સાંજે જમવામા: ૩ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ. એકાતરા ખીચડી /થૂલી અને શાક –દૂધ લેવા ત્યારે ભાખરી કે રોટલો નો લેવો. શક્ય હોય તો રાત્રે ૮ પહેલા જામી લેવું .

' નોંધ : મેંદાની બનાવટ , બેકરી ની આઈટમ , ઠંડાપીણા અને તળેલો ખોરાક નો લેવો ,

' પાણી વધારે પીવું , સવારે લીબુ સરબત ૭૫૦ એમ.એલ. બનાવી તેમાં આદું નો રસ અને તીખા નાખી બપોર સુધી એ પીવું .

આપણે ખોરાકમાં ખાંડ,મીઠું,તેલ અને મરચું આપણી દૈનીક જરૂરીયાત થી વધારે જ ખાઈએ છીએ પરીણામે ડાયાબીટીસ, હાઈપરટેન્શન, ઓબેસીટી, કોલેસ્ટેરોલ, પાચન તંત્ર ના રોગો અને ચામડી ના રોગો ખુબ જોવા મળે છે આ રોગો થી બચવા એક અનુભુત પ્રયોગ બતાવુ છુ જેનો નિયમીત ઉપયોગ કરવાથી આ બધા જ રોગો થી બચી શકાય છે.આ પ્રયોગ કરવાથી મહીને એવરેજ બે થી અઢી કીલો જેટલું વજન પણ ઉતરશે.અને કોલેસ્ટેરોલ તથા બ્લડ પ્રેશર અને ડાયાબીટીઝ કંટ્રોલ માં રહેશે .

અઠવાડીયામાં એક દીવસ અને જો અનુકૂળ આવે તો બે દીવસ સંપુર્ણપણે મીઠું,ખાંડ,તેલ અને મરચા વગરનો




ખોરાક લો.

આ માટે શુક્રવારે રાત્રે સ્વાદીષ્ઠ વિરેચન,પંચસકાર ચુર્ણ કે એરંડ ભ્રષ્ટ હરડે ચુર્ણ માંથી કોઈપણ એક ચુર્ણ દોઢ ચમચી સુતી વખતે નવશેકા પાણી સાથે લો , બીજે દીવસે એકદમ ખુલાસા થી પેટ સાફ આવશે.બીજા દીવસે શનીવારે તમારે ખાંડ,મીઠું,તેલ અને મરચા વગરનું આખો દિવસ જમવામાં લેવાનું છે જે નીચે મુજબ લો આ મુજબ લેવાથી તમારા શરીરમાં ખોરાકનું બેલેન્સ થશે.

' સવારે નાસ્તામાં તમે ચા પીતા હો તો મસાલા વાળી(તુલસી,ફોદીનો,આદુ) એક કપ મોળી ચા , સાથે ગરમ ૨ રોટલી લેવી

' ૧૦ વાગ્યે એક ગ્લાસ પાણી માં એક લીંબુ નિચોવી પીવું, તેમા ફોદીનો અને આદુ પણ ઉમેરી શકાય

' બપોરે જમવામાં ૨ ગરમ રોટલી સાથે ફણગાવેલા મગ+ચણા જેમાં દાડમ અને સફરજન ના પીસ ઉમેરવા , સાથે એક ડીસ ગીન સલાડ



જેમાં ગાજર અને બીટ લેવા , સાથે સવારે તાજુ મેળવેલુ દહીં એક વાટકો અથવા છાશ લઈ શકાય .

' બપોરે ૪ વાગ્યે સીઝનલ ફ્રુટ એક ડીશ લેવું,ડ્રાયફ્રુટ પણ ૫૦ ગ્રામ લઈ શકાય.

સાંજે ૭-૩૦ સુધીમાં જમી લેવું જેમા ૨ રોટલી અને એક વાટકી દુધ અથવા મોળી છાશ લેવા

કસરત :-

સોમવાર થી શુક્રવાર રોજ દોઢ ફ્લાક

' કસરત શરૂ કરતા પહેલા ૫-૧૦ મિનિટની સ્નાયુઓ અને સાંધાઓને હળવું ખેચાણ આપતી વોર્મ અપ કસરત કરી લેવી

' પાણી,લીંબુ સરબત કે ગ્લુકોઝ ના પાણી સાથે રાખવું અને વચ્ચે-વચ્ચે પીતા રહેવુ

' નેપકીન સાથે રાખવું , પરસેવો થાય તેને લુછતો રહેવો

' રોજ પાંચ કિ.મી.(૧ ફ્લાક )નિયમીત ચાલવાનું રાખો, શક્ય હોય તો સવારે ખાલી પેટે ચાલો , જો તમે નોકરી-ધંધા ને લીધે સવારે ટાઈમ નો આપી શકતા હો તો સાંજે કે રાત્રે જમીને પણ ચાલી શકાય, ખાલી પેટ હોય ત્યારે ઝડપથી ચાલી શકાય, જમ્યા બાદ ધીમે ચાલવું . હાઈપરટેન્શન કે હદય ની બીજી કોઈ તકલીફ હોય તો ધીમે ચાલવુ. જે લોકો ને વજન ઘટાડવાની જરૂર છે તેવા ડાયાબીટીસના દર્દીએ પાંચ કી.મી. નીઝડપે ચાલવુ(૫ કી.મી. ઝડપે ચાલતા ૨૬૭ કેલરી/ફ્લાક બળે છે )

' યોગાસન: (રોજ ૧૦ મીનીટ) યોગાસનથી ઈન્સ્યુલીન ઉત્પન્ન કરતા કોષોને કાર્યરત કરી ,શર્કરા નું પાચન કરવા માં મદદ રૂપ થાય છે.ડાયાબીટીસના દર્દીમાં સાંધા જકડાઈ જવાની અને આળસ ની ખુબ ફરીયાદ રહે છે , યોગાસન નિયમીત કરવાથી શરીર લચીલું અને સ્ફુર્તીલું બને છે ડાયાબીટીસ ના દર્દી એ અર્ધમત્સ્યેન્દ્રાસન, પશ્ચીમોતાસન ,સર્પાસન ,ધનુરાસન, પવનમુકાસન, ત્રિકોણાસન,મંડુકાસન અને નેકાસન આ આઠ્ આસનો નિયમીત કરવા ખુબ જરૂરી છે .

' પ્રાણાયામ :(રોજ ૧૦મીનીટ) ડાયાબીટીસ ના દર્દીઓ માટે પ્રાણાયામ ખુબ ઉપયોગી છે ,ખાસકરીને કપાલભાતી પ્રાણાયામ નિયમીત કરવાથી સ્વાદુપીંડ ની કાર્યક્ષમતા વધે છે અને તેને લીધે ઈન્સ્યુલીનની અસરકારકતા વધતા ખુબ ફાયદો થાય છે. આ ઉપરાંત અનુલોમ-વિલોમ પ્રાણાયામ પણ ખુબ ઉપયોગી છે , જે ડાયાબીટીસ ના દર્દીને વજન ઘટાડવાની જરૂર છે તેવા દર્દીઓ માટે સુર્યભેદી પ્રાણાયામ ખુબ જરૂરી છે.

' પ્રયાન: (રોજ ૧૦ મીનીટ) ડાયાબીટીસ થવાનુ એક મુખ્ય કારણ તાણ અને અતીવિચાર છે આ તાણ અને અતી વિચાર ઓછા કરવા અને શરીરમાં સારા હોર્મોન (એન્ડોરફીલ) નું પ્રમાણ વધારવા નિયમીત પ્રયાન કરવાની જરૂર છે . અમેરીકા અને યુરોપ ના દેશોમાં પ્રયાન અને પ્રાર્થના થી લાઈફસ્ટાઈલ રોગ ઉપર નિયંત્રણ કરવાના ક્લિનિકો ચાલે છે.

શનીવાર અને રવીવાર માટે વિકેન્ડ ના આ બે દીવસોમાં રીલેક્ષ મૂડ માં પરીવાર-મિત્રો સાથે ટાઈમ વિતાવો અને શક્ય હોય તો કુદરતી વાતાવરણ વાળી જગ્યાએ જાવ જયા સાયકલીંગ(૧૦ થી ૧૫ કિ.મી.) , સુર્યનમસ્કાર અને રમત-ગમત ,બેડમિંટન,ટેબલ ટેનીસ, ક્રિકેટ,વોલીબોલ અને ફુટબોલ જેવી વિવિધ રમતો ૧ થી ૨ ફ્લાક રમવી અને આખા અઠવાડીયા નો થાક ઉતારવા, શરીર અને મનને રીલેક્ષ કરવા માથા સહીત આખા શરીરે તલ તેલનું માલીશ કરવું.


ડો.ભાવેશ કે. મહેતા મો.
૯૪૨૬૨૮૭૯૦૮,
૮૭૯૯૦૯૯૮૦૭
Mail:drbkmehtarmo@
gmail,com


# *બાળકને આપો યોગ્ય મિત્રોની સમજણ..!*

## વિસામો

વૃંદા ચિંતન મહેતા

રાજુલા



દરેક વ્યક્તિનાં જીવનમાં સંબંધોનું ખૂબ મહત્વ હોય છે. આપણા જીવનમાં લોહીનાં સંબંધ પછી, જો કોઈ બીજો મહત્વનો સંબંધ હોય તો તે છે મિત્રતાનો સંબંધ..! દરેક વ્યક્તિનાં જીવનમાં મિત્રોનું એક અનેરૂ અને આગવું સ્થાન હોય છે. માનવી એક સામાજિક પ્રાણી છે. બાળક જન્મ પછી કુટુંબનાં સીધા સંપર્કમાં આવે છે, અને કુટુંબ બાદ બાળક જો કોઈનાં સીધા સંપર્કમાં આવતું હોય તે છે, તેના મિત્રો..! એટલે બાળ ઉછેર અને બાલવિકાસમાં બાળકનાં મિત્રો માઈલ્સ્ટોન ગણાય છે. તેથી માતા-પિતાએ બાળકોનાં મિત્રની પસંદગીમાં સવાધ રેહવું પડતું હોય છે.


મિત્રતા એક એવો સુંદર સંબંધ છે, જે જીવનને સરળ અને સરળ બનાવે છે.બાળકો ઘર પછી તેમના દોસ્તોની સૌથી નજીક હોય છે.. કિશોરાવસ્થા દરમિયાન, ઘણી વખત બાળકો તેમના પરિવાર કરતાં તેમના મિત્રો પર વધુ વિશ્વાસ કરે છે. લાંબા ગાળે, બાળકોના મિત્રો પણ તેમના વર્તન અને જીવન પર અસર કરે છે. સારા મિત્રો જીવનભર તેમની સાથે રહે છે અને તેમને ખોટા કાર્યો કરતા અટકાવે છે. જોકે આનાથી વિરૂદ્ધ ત્યારે બાળકો પણ ખરાબ મિત્રોની સંગતમાં બગડી જાય છે. મૈત્રી અમૂલ્ય અને અનન્ય બાબત છે. પરંતુ કિશોરાવસ્થા એટલો નાજુક તબક્કો છે કે તેમને ચમકતું હોય તે સોનું જ દેખાય છે. મિત્રવર્તુળ સારૂં હોય તો કઈ વાંધો નથી. પરંતુ જો બાળક ખોટી સંગતમાં આવી ગયું તો બાળકમાં જિદ્દીપણું, ચડસાચડસી, જૂઠું બોલવું, ચોરી કરવી, કોઈને નુકસાન પહોંચાડવું, ધુમ્રપાન, મદ્યપાન, ડ્રગ્સ, હુક્કાબાર, જાતીય સંબંધો બાંધવા, જાતીય સતામણી કરવી, ગુનાહિત માનસિકતા જેવા દુષ્પરિણામો જોવા મળે છે. માતા-પિતાની સમસ્યા એ છે કે તેઓ તેમના બાળકોને મિત્રો તરીકે પસંદ કરી શકતા નથી. જોકે તેમના હાથમાં બાળકોને યોગ્ય મિત્રોની પસંદગી કરતા શીખવવાનું છે. જો તમે બાળક નાનું હોય ત્યારથી જ આ બાબતોમાં તાલીમ આપશો, તો બાળક સારા બાળકો સાથે સંગત કરશે અને સારા મિત્રો પસંદ કરશે. બાળકને સારા વાતાવરણની આદત પાડો. ખાસ ચકાસો કે.. બાળકને સતત સારૂં અને સંસ્કારી વાતાવરણ મળી રહે. ઘણી વાર આપણા ઘરનું વાતાવરણ તો સારૂં હોય પરંતુ આડોસ – પાડોસ કે સ્કૂલ કે બાળક જયાં રમવા જતા ત્યાંનું વાતાવરણ કે મિત્રો સારા અને સંસ્કારીનાં હોય તો બાળકમાં ડિસિપ્લિનનો અભાવ જોવા મળે છે. બાળક પોતાના માતા-પિતા બાદ પોતાના મિત્રોનો અરીસો છે. જેમ અરીસો જેટલો સાફ હશે તેટલું આપણું પ્રતિબિંબ સ્પષ્ટ અને સુંદર લાગશે..! પરંતુ અરીસો ધૂધળો હશે, તો પ્રતિબિંબ અસ્પષ્ટ અને ગંદુ લાગશે..! એટલે તેઓ જેવા મિત્રો પસન્દ કરશે તેના પરથી સમાજમાં તેનું પ્રતિબિંબ આંકશે..

આપણે (માતા-પિતાએ) બાળકોનાં મિત્ર બનવાની જરૂર છે. માં-બાપ તરીકે આપણે ડિસિપ્લિન કે શિસ્તનાં હઠાગ્રહને કારણે તેમના મિત્ર નથી બની શકતા. જેને કારણે બાળક બહારની વાતો આપણી સાથે Share કરતા અચકાય છે. ઉપરાંત ખોટું કે જૂઠું પણ બોલવા પ્રેરાય છે. હું એક ઉદાહરણ આપું... 'રોહન નાનો હતો ત્યારથી જ બધી જ વાતો તેની મમ્મીને કરતો. પોતાનાં સ્કૂલ, ટયુશન, મિત્રોની વાતો તથા પોતાની આખીય દિનચર્યાની વિગતવાર માહિતી તેની મમ્મી સુરભીબેન આપતો. એક દિવસ રોહને મિત્રોના આગ્રહથી સિગરેટ પીધી. ઘરે આવીને તેણે પોતાની મમ્મી સુરભીબેનને આ વાત જણાવી. સુરભીબેન સિગરેટની વાત સાંભળીને ગુસ્સેથી લાલઘુમ થઈને રોહનને એક તસતસ્તોતો તમાચો ચડાવી દીધો. બસ એ જ દિવસથી રોહને મમ્મી સુરભી બેનને પોતાની અંગત વાતો કેહવાની બન્ધ કરી દિધી. સમયાંતરે રોહન ચેઈન સ્મોકર બની ગયો.. '–આ વાત પરથી એવું નિષ્પ્ન્ન થાય છે કે.., સુરભીબેન રોહનની વાત સાંભળીને થોડી ધીરજથી કામ લીધું હોત, તેને તમાચો મારવાને બદલે તેને સિગરેટ પીવાથી થતા નુકસાનની સમજણ આપી હોત તો રોહન ચેઈનસ્મોકરનાં બન્યો હોત.. મોટા ભાગનાં કેસમાં આમજ થતું હોય છે. માતા-પિતા બાળકો સાથે મૈત્રીપૂર્ણ સંબંધ નથી સ્થાપી શકતા. અને તેના વરવા પરિણામ આવતા હોય છે. અમુક પેરેન્ટ્સને એવું પણ લાગતું હોય છે કે, બાળકો સાથે વધુ મૈત્રીપૂર્ણ વ્યવહાર કરવાથી બાળકા મર્યાદાનું ઉલ્લંઘન કરતા થઈ જાય છે. જો માતા – પિતા બાળપણથી જ બાળક સાથે મૈત્રીપૂર્ણ સંબંધ જાળવી રાખે છે, તો બાળક તેને તેની અંગત અને ઘરની બહારની બધી બાબતો કહે છે. આનાથી માતા – પિતાને બાળકનો યોગ્ય દિશામાં વિકાસ કરવામાં, તેના વિચારો અને સ્વભાવને આકાર આપવામાં અને બાળકના ઉછેર પર નજર રાખવામાં મદદ મળે છે.

આપણા બાળકોને આપણે પિઅર પ્રેશર વિશે પણ સમજ આપવાની જરૂર છે. પિઅર પરેશ એટલે જયારે ૫ વર્ષથી વધુ ઉંમરના બાળકો પીઅર પ્રેશરનો ભોગ બને છે.

પીઅર પ્રેશર એટલે મિત્રોના દબાણમાં કંઈક કરવું. તમારા બાળકોને શીખવો કે જો કોઈ તેમના પર કંઈક ખોટું કરવા દબાણ કરે છે તો તેઓએ આવીને તમને જણાવવું જોઈએ.બાળકોનાં મિત્રો વિશે જાણવું જોઈએ. તેના માટે પેરેન્ટસએ થોડા દિવસે નાની એવી પાર્ટીનું આયોજન કરવું જોઈએ. જેથી બાળકોનાં મિત્રો વિશે આપણે માહિતી મળી રહે અને બાળકોનો વિશ્વાસ કેળવી શકાય. આપણે આપણા બાળકોનો સારો ઉછેર કરવા માટે,તેને સારા અને સાચા મિત્રોને પસંદગી કરતા શીખવાડવું અનિવાર્ય છે.

# અમરેલી જિલ્લાની સ્કૂલોમાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની બહેનો દ્વારા યોગ પ્રશિક્ષણ યોજાયું



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિ કુંજ હરીદ્વારથી ત્રણ બહેનો આકાંશા પ્રિયા, શાશ્રી પંત તથા અનુષ્ઠા દવીવેદી ધ્વારા અમરેલી જિલ્લાની વિવિધ સ્કૂલોમાં તથા સંસ્થાઓમાં યોગ, પ્રાણાયામ, વ્યસનમુકિત, યજ્ઞ, દીપયજ્ઞોનાં માધ્યમથી યુગ નિર્માણ અને પરિવાર નિર્માણ સહિત વ્યસનોથી દૂર રહેવા માટે વિવિધ કાર્યક્રમો યોજી ગાયત્રી પરિવારનું નામ આગળ વધારી રહી છે. આ બહેનોની કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર તેમજ સંસ્થાના વડા પૂ. ડો. રતિદાદા, અતુલભાઈ પંડયા, બીપીનભાઈ ભરાડ, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા સહિત પરિજનોએ કરી હતી. જો આપ પણ આપની સ્કૂલ કે સંસ્થામાં આવા સુંદર કાર્યક્રમ કરવા માંગતા હોઈ તો સંસ્થા ધ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવશે. તે માટે ગાયત્રી પરિવારનો સંપર્ક કરવા વિનંતી.

### મહિલા ઉત્થાન મંડળ દ્વારા

## સાવરકુંડલા ખાતે ભેદભાવ વગર નિ:શુલ્ક તુલસીનાં રોપનુ વિતરણ

### ૧૫૦૦ જેટલા રોપાનુ કરાયુ વિતરણ




સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલામાં રિધ્ધિ સિધ્ધિ મહાદેવ ચોક પાસે મહિલા ઉત્થાન મંડળ દ્વારા ૧૫૦૦ જેટલા તુલસીના રોપાનું નિ:શૂલ્ક વિતરણ કરવામાં આવ્યું. કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વિના તમામ સમુદાયના લોકોને તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું. આયુર્વેદમાં અને એષધિય ક્ષેત્રે તુલસીની મહત્તા અને શ્રેષ્ઠતા અદ્વિતીય છે. તુલસી આરોગ્યની રક્ષક મહા એષધી છે. જન સામાન્ય સુધી તુલસીની ઉપયોગિતા અને એષધિય ગુણોની માહિતી પહોચેં તે ઉદેશથી દરેકને ૠષિ પ્રસાદની સાથે તુલસીજીની માહિતી પત્રિકા પણ ભેટ સ્વરૂપ આપવામાં આવી. નોંધનીય બાબત એ હતી કે આ તુલસી છોડના સાથે સંત શ્રી આશારામ બાપુ નિર્દોષ છે અને તેને ખોટી રીતે ફસાવવવામાં આવ્યા છે તેવી પત્રિકાઓ અનેક મહાનુભાવોના મંતવ્ય સાથે ભારતીય સંસ્કૃતિમાં સત્યને પરાસ્ત કરવા માટે ભૂતકાળમાં પણ અનેક ષડયંત્રો થયા છે એવા તથ્યો દર્શાવતી પુસ્તિકા પણ આ તુલસી રોપાના છોડ સાથે વિતરિત થતી જોવા મળી હતી. સંત શ્રી આશારામ બાપુ દ્વારા ઈ.સ. ૨૦૧૪ થી ૨૫ ડીસેમ્બરે 'ક્રીસમસ ડે 'ને બદલે 'તુલસી પૂજન દિવસ ' ઉજવવા માટે આહ્વન કરવામાં આવેલ જે અનુસંધાને આજે તુલસી પૂજન દિવસ' ના ઉપલક્ષ્યમાં વલ્લભીપુર આશ્રમના સાથ સહકાર અને – માર્ગદર્શનથી તેમજ મહિલા ઉત્થાન મંડળના બહેનોની ભારે જહેમતથી આ કાર્યક્રમ સુંદર રીતે યોજાયો હતો.

### નામ બદલાવેલ છે

આથી મેં મારૂ નામ **હરીશકુમાર છોટાલાલ ઝીંઝુવાડીયા** માંથી બદલીને **હરેશ છોટાલાલ ઝીંઝુવાડીયા** રાખેલ છે. હવે હું આ નવા નામે ઓળખાઈશ.

**સરનામું** :''વ્રજ'', ધરમનગર, વરસડા રોડ, ભરાડ સ્કૂલ પાસે, અમરેલી – ૩૬૫ ૬૦૧ (ગુજરાત)

**લી. હરેશ છોટાલાલ ઝીંઝુવાડીયા**

## અવસાન નોંધ



**ગોપાલગ્રામ :** ગોપાલગ્રામ નિવાસી જી.ઈ.બી.ના નિવૃત્ત કર્મચારી નરેશભાઈ ગિરજાશંકર ભટ્ટ (ઉં.વ. ૬૯) તેઓ સ્વ. વજુભાઈ ભટ્ટ (શિક્ષક)ના નાનાં ભાઈ તથા મહેશભાઈ ભટ્ટ (જાફરાબાદ)ના મોટાભાઈ તેમજ કિર્તીભાઈ ભટ્ટ (અ.જી.મ.સહકારી બેંક), વૈભવભાઈ તથા હાર્દિકભાઈના કાકાનું તા. ૧૪/૧૨/૨૦૨૪ શનિવારના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૧૬ સોમવારના રોજ સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી તેમનાં નિવાસસ્થાન ગોપાલગ્રામ ખાતે રાખેલ છે.

## અમરેલી જિલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા. ૧૪

તા. ૧૪/૧૨/૨૪ને શનિવારના રોજ ન્યાય મંદિર, અમરેલી તથા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશન મેગા લોક અદાલતનું આયોજન અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના અધ્યક્ષ રીઝવાના બુખારીનાં વડપણ તથા માર્ગદર્શન નીચે થયેલ.

આ નેશનલ લોક અદાલતમાં કુલ ૩૧૬૧ કેસો ફેસલ થયેલા, જેમાં ૧૦૭૧ પ્રિલીટીગેશનના કેસો પણ ફેસલ થયા હતા તેમજ પ્રિલીટીગેશનમાં રૂા. ૭૭,૩૪,૩૩૧ની જે તે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી, આ રીતે આજની લોક અદાલતમાં વીમા કલેઈમના કેસો તથા બીજા કેસો મળી રૂા. ૮,૩૮,૯૭,૨૫૭/–ની રકમનું નોંધપાત્ર ચુકવણું થયેલ હતું.

આ લોક અદાલતમાં નામ, ગુજરાત હાઈકોર્ટનાં માર્ગદર્શન હેઠળ જુના કેસોનો સમાધાનથી નિકાલ લાવવાની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જિલ્લામાં દર વર્ષ જુના કેસોનો લોક અદાલતમાં નિકાલ લાવવામાં આવ્યો છે.

આ મેગા લોક અદાલતને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ રીઝવાના બુખારીના સીધા માર્ગદર્શન નીચે તથા સેક્રેટરી આર.વાય.ત્રિવેદીનાં સંકલનમાં અમરેલી જિલ્લાના તમામ જયુડીશીયલ ઓફીસરઓ તથા કોર્ટ સ્ટાફએ ખુબ જહેમત ઉઠાવેલ હતી.

આ નેશનલ મેગા લોક અદાલતને જિલ્લા તથા તાલુકા મથકે સફળ બનાવવા માટે વકીલ મંડળના હોદેદારો તથા તમામ સીનીયર તથા જુનીયર વકીલઓનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

આજની નેશનલ મેગા લોક અદાલતમાં ખુબ જ મોટી સંખ્યામાં પક્ષકારો હાજર રહેલ હતા. જેમાં ''બંને પક્ષકારોની જીત અને બંને પક્ષકારોને ન્યાય''નો લોક અદાલતનો સિધ્ધાંત ચરિતાર્થ થયો હતો.

## રાજુલા : રાષ્ટ્રીય પ્રતિભા સન્માન કાર્યક્રમમાં જગદીશભાઈ ગાંધીને સન્માનિત કરાયા



રાજુલા, તા. ૧૪

રાજુલાના લાઈબેરી ના ટ્રસ્ટી અને મહુવાના વૃદ્ધાશ્રમ ના દાતા મુંબઈ રહેતા એવા જગદીશભાઈ છોટાલાલ ગાંધીને તાજેતરમાં દિલ્હી ખાતે રાષ્ટ્રીય પ્રતિભા સન્માન કાર્યક્રમમાં સાપ્રવી પ્રજ્ઞાજી તથા મહાભારતના ધર્મરાજ યુધિષ્ઠિર ગજેન્દ્ર ચેહાણ દ્વારા જગદીશભાઈ ગાંધીની રચનાત્મક પ્રવૃત્તિ કન્યા શિક્ષણ જળ સંરક્ષણ તથા પુરાતત્વ સંશોધન વારસો ભગીરથ સેવા કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા શ્રી જગદીશભાઈ ગાંધી રાજુલામાં લાયબેરી નાવડા તથા કોલેજોમાં શિષ્યવૃત્તિ પ્રવૃત્તિ તેમજ સાવરકુંડલામાં મહુવામાં અનેક સંસ્થાઓમાં સહાય આપનાર સહિતની સુંદર અદભુત પ્રવૃત્તિ ચલાવતા હોવાથી તેમને રાષ્ટ્રીય પ્રતિભા સન્માન સન્માનિત કર્યા સન્માનમાં પત્યું તર તો આપતા જગદીશભાઈ ગાંધીએ જણાવ્યું કે આ સેવાકી પ્રવૃત્તિથી હું માઢં જીવન પ્રયાન ધન્ય અનુભવશો અને શારીરિક પણ તંદુરસ્ત જીવન છે અને મુંબઈથી મહુવા સુધી તંદુરસ્તીના કારણે ફોરવીલ ગાડી હું ૮૫ વર્ષે ચલાવીને જાવ છું જેમને સેવાકીય ફળ મળ્યું છે આવી પ્રવૃત્તિઓ સતત કરતો રહીશ તેમ જણાવ્યું હતું ત સન્માન મળવા બદલ રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ગેરંગભાઈ મહેતા તથા રાજુલા જાફરાબાદ ના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા વિ હિન્દુ પરિષદના યુવરાજભાઈ ચાંદુ તથા તથા માજી નગરપાલિકાના પ્રમુખ ચિરાગભાઈ જોશી સહીતે ગેરવ અનુભવ્યું હતું.

## લીલીયા મોટા કન્યાશાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ



લીલીયા, તા. ૧૪

લીલીયા કન્યા શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષક અશરફભાઈ કાજી દ્વારા સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ સ્થાનિક સરકાર, રાજય સરકાર ,સંસદ અને કાયદો જેવા પાઠની સમજ અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની સમજ વિદ્યાર્થી ઓને બાળ સંસદની ચૂંટણી શાળામાં કરાવીને આપવામાં આવી આ તકે અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા તથા લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી લીલિયા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અનિભાઈ વિછીયા, બીઆરસી કો અભિષેકભાઈ ઠાકર અને સી.આર.સી. કો. પ્રવીણભાઈ રાખસિયા હાજર રહ્યા હતા. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું આયોજન શિક્ષક અશરફભાઈ કાજી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં કરકોલીયા ગામની

આરોપીને એસ.ઓ.જી.ટીમે ઝડપી લીધેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત, એસ.ઓ. જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવા ધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ લાઠી વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. જે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, અમરેલી જિલ્લાનાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારના કરકોલીયા ગામ ખાતે આવેલ ચારકોસીયા સીમની બાજુમાં આવેલ ભુપતભાઈ ઉર્ફે ભોપલાભાઈ કાનાભાઈ ડેરની વાડી ખેતરમાં માદક પદાર્થ ગાંજાના છોડનુ વાવેતર કરતો હોવાની બાતમી અન્વયે સદરહુ જગ્યાએ રેઈડ કરતા ભુપતભાઈ ઉર્ફે ભોપલાભાઈ કાનાભાઈ ડેર (રે. કરકોલીયા, તા. લાઠી) વાળા ઈસમને લીલા ગાંજાના છોડના જથ્થા નંગ આશરે ૨૨ જેનુ કુલ વજન ૧૮.૦૨૬ કિલોગ્રામ કિંમત રૂા. ૧,૮૦,૨૬૦ના મુદ્દામાલ સાથે સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૫ | ૧૪૬૨ |
| ૨ | મગફળી | ૯૩૧ | ૧૧૫૧ |
| ૩ | ચણા | ૧૦૫૬ | ૧૦૫૬ |
| ૪ | જુવાર | ૬૫૦ | ૬૫૧ |
| ૫ | સોયાબીન | ૭૫૫ | ૭૫૫ |
| ૬ | અડદ | ૯૦૧ | ૧૧૨૬ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૮૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૦૩ | ૧૨૮૦ |
| ૩ | શિંગ મોટી | ૮૨૫ | ૧૨૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૦૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૨૦ | ૨૭૫૨ |
| ૬ | તલ કાળા | ૩૭૦૦ | ૪૮૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૭૪ |
| ૮ | બાજરો | ૪૩૫ | ૬૦૯ |
| ૯ | જુવાર | ૪૮૨ | ૮૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૩ | ૬૦૪ |
| ૧૨ | મગ | ૧૧૪૦ | ૧૩૦૦ |
| ૧૩ | અડદ | ૬૭૫ | ૧૪૮૩ |
| ૧૪ | ચણા | ૮૫૦ | ૧૩૨૦ |
| ૧૫ | તુવેર | ૧૧૧૦ | ૧૮૫૮ |
| ૧૬ | કપાસ | ૯૩૦ | ૧૪૫૭ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૨૦૨ |
| ૧૮ | જીરૂ | ૪૦૫૦ | ૪૩૯૫ |
| ૧૯ | ધાણા | ૧૧૭૦ | ૧૪૫૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૧૧૦૦ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૫૦ |
| ૨૨ | મરચા લાંબા | ૫૮૦ | ૨૬૧૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૧ | ૧૬૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૩ |
| ૩ | શીંગ ગીરનાર | ૧૧૫૧ | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૨૯ | ૨૫૪૫ |
| ૫ | તલ કાળા | – | ૪૩૩૫ |
| ૬ | જીરૂ | ૪૧૮૦ | ૪૩૯૬ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૪૫૩ |
| ૮ | ઘઉં લોકવન | ૫૫૧ | ૬૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૧૫ |
| ૧૦ | બાજરો | ૫૦૦ | ૬૩૬ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૭૫૫ |
| ૧૨ | મકાઈ | ૫૨૦ | – |
| ૧૩ | રજકા બીજ | – | ૬૦૦૦ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | ચણા | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૬ | મેથી | ૧૦૩૦ | – |
| ૧૭ | તુવેર | ૧૪૦૦ | ૧૯૦૪ |
| ૧૮ | એરંડી | ૧૧૨૫ | – |
| ૧૯ | ધાણા | – | ૧૫૦૦ |
| ૨૦ | સોયાબીન | ૭૨૫ | ૭૯૦ |
| ૨૧ | કળથી | ૧૦૦૦ | – |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૯૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૬ | ૧૧૫૪ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૧૨ | ૧૦૫૮ |
| ૫ | અડદ | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં | ૫૧૧ | ૬૩૯ |
| ૭ | તલ સફેદ | ૧૯૮૦ | ૨૨૫૦ |
| ૮ | જીરૂ | ૪૦૩૦ | ૪૪૨૦ |
| ૯ | સોયાબીન | ૭૭૯ | ૮૦૭ |
| ૧૦ | ચણા | ૧૧૬૫ | ૧૨૪૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૫૦ | ૫૫૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૫ |
| ૪ | તલ કાળા | ૩૦૪૦ | ૩૦૪૦ |
| ૫ | સોયાબીન | ૬૧૬ | ૭૭૯ |
| ૬ | મગફળી | ૬૮૦ | ૯૫૧ |
| ૭ | ચણા | ૯૦૪ | ૧૨૪૦ |
| ૮ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૬૧૦ |
| ૯ | ધાણા | ૧૨૯૫ | ૧૩૪૫ |
| ૧૦ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૩૦૬ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૩૫ | ૧૧૦૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૫ | ૧૪૬૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૬ | ૧૪૭૬ |
| ૨ | મગફળી | ૭૯૧ | ૧૦૨૫ |
| ૩ | ઘઉં | ૫૮૦ | ૫૮૦ |
| ૪ | ચણા | ૧૧૫૫ | ૧૨૦૦ |
| ૫ | ધાણા | ૧૩૧૧ | ૧૩૧૧ |
| ૬ | સોયાબીન | ૬૦૦ | ૭૭૭ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| ૩ | કપાસ | ૧૩૨૫ | ૧૪૪૫ |
| ૪ | બાજરો | ૫૪૦ | ૫૯૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૯૨ |
| ૬ | જુવાર | ૪૪૫ | ૭૭૧ |
| ૭ | મગ | ૧૬૫૧ | ૧૯૨૬ |
| ૮ | મઠ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૯ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૨ | ધાણા | ૧૪૨૬ | ૧૪૨૬ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૭૭૧ |

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓ શીતલ આઈસ્ક્રીમ કંપનીની મુલાકાતે




અમરેલી, તા. ૧૪

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વિદ્યાર્થીઓએ અમરેલી શહેરની નામાંકિત શીતલ આઈસ્ક્રીમ કંપનીની મુલાકાત લીધી હતી. અભ્યાસ સાથે વિવિધ સ્થાનોની મુલાકાત દ્વારા અનુભવ મેળવી ભવિષ્યમાં આગળ વધવાની પ્રેરણા અને માર્ગદર્શન માટે આવી મુલાકાત ખૂબ જ ઉપયોગી નીવડે છે.

શીતલ કુલ પ્રોડકટસ અમરેલીના માલિક દિનેશભાઈ ભુવા તથા હાર્દિકભાઈ ભુવાએ વિદ્યાર્થીઓને તમામ વિભાગો દ્વારા થતા કાર્યો અને વ્યવસ્થા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ પોતે આ કંપનીની મુલાકાતથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીના સંચાલક દિપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન વઘાસિયાએ શીતલ કુલ પ્રોડકટસ અમરેલીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

# સાવરકુંડલા : ચીખલીનાં યુવક આર્મીના તાલીમ લઈને પધારતા સન્માન



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના ચીખલી ગામે અનુ.સૂચિત જાતી સમાજનાં યુવાન સમાજને નવો રાહ બતાવ્યો આર્મીની ટ્રેનિંગ પરિપૂર્ણ કરી પોતાના માદરે વતન આવતાની સાથે દરેક સમાજના અગ્રણીઓ તેમજ બાળકો તેમજ મહિલાઓ દ્વારા યુવાન જીતુભાઈ ભરતભાઈ ખીમસુરીયાને ફુલહારથી સન્માનિત કરી આખા ગામમાં ડીજે સાથે તેમના મિત્ર વર્તુળ સર્કલ તમામ ઉપસ્થિત રહી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ તમામ ગામના અગ્રણીઓ તેમજ યુવાનો શાળાના બાળકો અને બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા આહીર સમાજની વાડીમાં આ નવયુવાનનું શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# થરાના ભુવાની કપટલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા



અમદાવાદ, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા ગામમાં જાપટપુરા વિસ્તારમાં વાડી વિસ્તારમાં માતાજીનું સ્થાનક બનાવી દોરા–ધાગા, રોગ મટાડવા, મંત્ર–તંત્ર દાણા નાખી છેતરપિંડી કરતો ભુવો સુથાર વાઘાભાઈ પશાભાઈની ધતિંગલીલા, કપટલીલાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે થરા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૦ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુવાએ દોરા–ધાગાની ધતિંગલીલા કાયમી બંધની જાહેરાત કરી દીધી હતી.

બનાવની વિગત પ્રમાણે થરા જાપટપુરા વિસ્તારમાં છેલ્લા આઠ વર્ષથી સીકોત્તેર માતાનો ભુવો વાઘાભાઈ ધર્મસ્થાનક ઉભું કરી દોરા–ધાગા, મંત્ર–તંત્ર, ચમત્કાર, રોગ મટાડવા, ભૂત–પ્રેતાત્માની નડતર દૂર કરવાનું કામ કરી મોટી રકમ વસુલતો હતો. ભુવાથી જ્ઞાતિ સમાજના લોકો દુ:ખી હતા અને સમાજના લોકોનું શારીરિક, માનસિક, આર્થિક શોષણ કરતો હોવાની માહિતી જાથાના કાર્યાલયે આપી હતી. ભુવો દિવ્યાંગ હોવા છતાં દોરા બાંધી રોગ મટાડે છે, અંદરોઅંદર ઝઘડાઓ કરાવે છે. માતાજીના મંદિરે ચાંદીના છતરની ચોરી થઈ ગઈ છે જેની કિંમત ૪ લાખ છે, ચોરી કરનાર પકડાયો નથી, ભુવો પુનમે શ્રદ્ધાળુઓ ભેગા કરી જુવારના દાણા નાખે છે. જમણવાર શ્રપ્રધાળુઓ કરે છે. દુ:ખી લોકો પાસે એક–બે લાખ રૂપિયાની માંગણી માતાજીના જમણવારમાટે કરે છે. ભુવાથી સમાજ થાકી ગયું છે. માતાજીનો ડર–ભય બતાવી રૂપિયા પડાવે છે. ભુવા વાઘાના ત્રાસથી શ્રપ્રધાળુઓ દુ:ખી છે. દિવ્યાંગનો ડર બતાવે છે. ભુવાના પર્દાફાશ કરવા આધાર–પુરાવા આપ્યા હતા.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ભાનુબેન ગોહિલ, રવિ પરબતાણીને ખરાઈ કરવા રૂબરૂ મોકલતા હકિકત સત્ય બહાર આવી હતી. માથાનો દુ:ખાવો, કાળો દોરો બાંધી સવા મહિનો ટેક રાખવી પુરાવા મળી જતાં પર્દાફાશ કરવાનું નક્કી થયું. જાથાના ચેરમેન પંડયાએ મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ, રાજય પોલીસ વડા, એસ.પી. બનાસકાંઠાને પત્ર મોકલી બંદોબસ્તની માંગણી કરી હતી. પર્દાફાશની સફળતાની શરૂઆત થઈ તેમાં થરા પોલીસ સ્ટેશનને જાથાને મદદરૂપ થવા સુચના વડી કચેરીએથી મોકલવામાં આવી હતી. પો.ઈન્સ. આર. એચ. જારીયાએ જાથાને હેડ કોન્સ્ટે. શૈલેષભાઈ અમૃતલાલ, પો. કોન્સ્ટે. કલ્પેશભાઈ છોટાભાઈ, પો. કોન્સ્ટે. વિષ્ણુભાઈ જોધાભાઈ, કમલેશભાઈ ગોવિંદભાઈ, કિંજલબેન જેસંગભાઈ, બિન્દુબેન નાનજીભાઈ પોલીસ સ્ટાફ ફાળવી દીધો હતો.

રાજકોટથી પર્દાફાશની કામગીરી માટે જયંત પંડયાના વડપણ હેઠળ રોમિતભાઈ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ, રવિ પરબતાણી, ભાનુબેન ગોહિલ સ્થાનિક કાર્યકરો થરા જવા રવાનાથયા. થરા પોલીસ સ્ટેશને પહોંચી પો.ઈન્સ. આર. એચ. જારીયા સાથે પરામર્શ કરી ભુવાના વાડી વિસ્તારમાં ઘરે પહોંચ્યા.

ભુવા વાઘાભાઈ પશાભાઈ ને જાથાનો પરિચય આપી છેલ્લા દશ વર્ષથી ચાલતી દોરા–ધાગાની ધતિંગલીલા બંધ કરાવવા આવ્યા છીએ. પોલીસ સ્ટાફ જોઈને અજુગતું લાગ્યું ત્યારે જોવડાવવાવાળા ત્રણ વ્યક્તિઓ હાજર હતા. તેમને પુછપરછ કરતાં તેમને પ્રેતાત્મા નડે છે ભુવાએ ટેક રાખવા જણાવ્યું. બીજાને માથાના દુ:ખાવા માટે દોરો બનાવી હાથમાં બાંપ્રયો હતો. ભુવા પાસે લાયસન્સ માંગ્યું, દોરાથી રોગ મટે તેવું પુછતા ભાંગી પડયો, માફી માંગવા લાગ્યો. આજથી બધું બંધ કરૂ છું. વારંવાર ભુલ કબુલી કબુલાતનામું આપવા તૈયાર થઈ ગયો. છેતરાયેલા લોકોની વાત કરી. મંદિરમાં સેવા–પૂજા કઢ છું. ભુવાપણું બંધ કરૂ છું. દિવ્યાંગ હોવા છતાં સમાજમાં બની બેઠેલો ભુવો સાબિત થયો. પોલીસ સ્ટેશને લઈ જવાનું નક્કી થયું.


જાથાના જયંત પંડયાએ દોરા–ધાગા, ઉપચાર સંબંધી કાયદામાં પાબંદીની વાત કરી ગુન્હા સંબંધી માર્ગદર્શન આપ્યું. કબુલાતનામામાં હું ભુવા વાઘાભાઈ પશાભાઈ સુથાર આજથી દોરા–ધાગાના ધતિંગ બંધની જાહેરાત કઢ છું. લોકોની માફી માંગી કાયમી ધતિંગલીલા બંધ સમાપ્તની જાહેરાત કરી દીધી. પોલીસ સ્ટેશનેભુવાના સમર્થકો આવી ગયા પોલીસે કાયદાની ભાષામાં વાત કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ભુવા સુથાર વાઘાભાઈના પુનમ ભરવા દાણા નાખવા, ટેક–માનતા રખાવી, મોટી રકમનો તોડ કરવો વિગેરે પ્રવૃત્તિ જાથાએ કાયમી બંધ કરાવતા લોકોમાં પ્રશંસા સાથે બીજા તાંત્રિકોના નામ આપી રજુઆત કરી હતી.

જાથાના જયંત પંડયાએ બોર્ડર રેન્જના આઈ.જી.પી. જિલ્લા પોલીસ વડા, એલ.આઈ.બી. થરા પોલીસ સ્ટેશનનો વિશેષ આભાર માન્યો હતો. પર્દાફાશની કામગીરીમાં રોમિત રાજદેવ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચેહાણ, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ, ભાનુબેન ગોહિલ સહિત સ્થાનિક કાર્યકરો, પો.ઈન્સ. આર. એચ. જારીયા, હેડ કોન્સ્ટે. શૈલેષભાઈ અમૃતલાલ, પો. કોન્સ્ટે. કલ્પેશભાઈ છોટાભાઈ, પો. કોન્સ્ટે. વિષ્ણુભાઈ જોધાભાઈ, કમલેશભાઈ ગોવિંદભાઈ, મહિલા પો. કર્મી કિંજલબેન જેસંગભાઈ, બિન્દુબેન નાનજીભાઈ થરા પોલીસ સ્ટેશનના સ્ટાફે ઉત્તમ કામગીરી બજાવી હતી.

જાથાનો ૧૨૬૦ મો સફળ પર્દાફાશ થયો હતો. ભારતમાં એકમાત્ર જાથા ફિલ્ડ ઉપર ૩૩ વર્ષથી કામ કરે છે. દેશ–વિદેશમાં આ સંસ્થાએ ભારે લોકચાહના મેળવી છે. જેમાં વાસ્તવિક કામગીરીને શ્રેય જાય છે. રાજયમાં પોતાના વિસ્તારમાં દોરા–ધાગા ધતિંગ કરનારની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્કકરવા યાદીમાં જણાવાયું છે.

# દામનગરમાં લટુરીયા હનુમાનજી મંદિરે પુનમની રાત્રે સંતવાણી



દામનગર, તા. ૧૪

ઢસા રોડ પર આવેલ લટુરીયાહનુમાનજી મંદિરે વર્ષોથી દર મહિનાની પૂનમે નામી – અનામી કલાકારો પ.પૂ.સંતશ્રી ઘનશ્યામગીરી બાપુ (ખડેશ્વરીબાપુ) નાં સાનિધ્યમાં સંતવાણી પીરસે છે.તે મુજબ તા.૧૫–૧૨– '૨૪ ને રવિવારની રાત્રે કલાકારો રઘુવીર દેવ, શુભમ જોશી – સાજીંદાઓ તબલાવાદક મહાવીર બાપુ રામાનુજ અને બેન્જો વાદક હિતેશબાપુ ગોંડલીયાની સાથે મંજીરાના માણીગરો કનુભાઈ બુધેલીયા, જગદિશબાપુ ગેસ્વામી અને શૈલેષભાઈ પ્રજાપતી દ્વારા સંતવાણી – ભજન રજૂ કરશે.આ સંતવાણીનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

# ચર્ચા માટે JPCમાં મોકલવાની તૈયારી સોમવારે સંસદમાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે સરકાર

નવી દિલ્હી, તા.૧૪

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, આ બિલને ચર્ચા માટે JPC પાસે મોકલવામાં આવશે. લાંબી ચર્ચા અને સર્વસંમતિ માટે સરકાર આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલશે. JPC તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે.

દેશમાં હાલમાં અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે ચૂંટણી યોજાય છે. કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારી છે. જો કે, સરકારના આ પગલાનો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી ઘણી I.N.D.I.A. બ્લોકની પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તારુઢ પાર્ટીને ફાયદો થશે. નીતિશ કુમારની JDU અને ચિરાગ પાસવાન જેવા પ્રમુખ NDA સહયોગીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે. 'વન નેશન વન ઈલેક્શન'ને વારંવાર ચૂંટણીઓ સાથે જોડાયેલી ખર્ચ અને વિક્ષેપોને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ સુધારા તરીકે જોવામાં આવી રહ્યું છે.વન નેશન વન ઈલેક્શન પર વિચારણા માટે બનેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ જણાવ્યું કે, આ પ્રસ્તાવને લઈને ૩૨ રાજકીય પાર્ટીઓએ સમર્થન આપ્યું છે, જ્યારે ૧૫ પાર્ટીઓએ તેનો વિરોધ કર્યો છે. આ ઉચ્ચ સ્તરીય સમિતિની અધ્યક્ષતા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરી હતી. રામનાથ કોવિંદે ઓક્ટોબરમાં ૭મા લાલ બહાદુર શાસ્ત્રી સ્મૃતિ વ્યાખ્યાન દરમિયાન કહ્યું હતું કે, વિરોધ કરનારી ૧૫ પાર્ટીઓમાંથી કેટલીક પાર્ટીઓએ 'વન નેશન વન ઈલેક્શન'ના વિચારનું સમર્થન કર્યું હતું.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 'વન નેશન વન ઈલેક્શન' સાથે જોડાયેલી અનેક મહત્વપૂર્ણ બાબતો જણાવી છે. તેમણે જણાવ્યું કે, આ રિપોર્ટ તૈયાર કરવામાં લગભગ ૬ મહિનાનો સમય લાગ્યો છે. ૩ મહિના તો ઈન્વિટેશનમાં લાગી ગયા. ત્યારબાદ અમે ઈન્ટરેક્શન શરૂ કર્યું. ૨ મહિના ડે ટૂ ડે બેસિસ પર ઈન્ટરેક્શન કર્યું. આ રિપોર્ટ ૧૮ હજારથી વધુ પેજનો છે. મને જાણકારી આપવામાં આવી કે, આજ સુધી ભારત સરકારની કોઈ કમિટીએ આટલો મોટો રિપોર્ટ સબ્મિટ નથી કર્યો. આ અહેવાલ ૨૧ વોલ્યૂમ્સમાં બનાવવામાં આવ્યો છે. આ માટે અમે લોકો પાસેથી સૂચનો માગ્યા હતા. આ માટે ૧૬ ભાષાઓમાં ૧૦૦થી વધુ જાહેરાતો આપવામાં આવી હતી. ૨૧૦૦૦ લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી ઠે. ૮૦% લોકો તેના પક્ષમાં છે. આ સિવાય અમે પૂર્વ ચીફ ઈલેક્શન કમિશનરને પણ ફોન કર્યો હતો. ફિક્કી, આઈસીસી, બાર કાઉન્સિલના પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવ્યા હતા.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ઉત્સાહપૂર્વક શિયાળુ રમતોત્સવ યોજાયો



અમરેલી, તા. ૧૪

શિક્ષણ અને સંસ્કાર માટે સુપ્રસિધ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં શારીરિક અને માનસિક રીતે વિદ્યાર્થીઓ મજબુત બને અને શારિરિક કસરતોથી શરીરને સુદ્રઢ બનાવવા જીવનમાં ખેલદિલી, સમૂહભાવના, સહકારના ગુણોનો વિકાસ થાય તેવા હેતુથી આ રમતોત્સવ યોજાયો હતો.

આ રમતોત્સવમાં ૧૦૦ મી. દોડ, રસ્સાખેંચ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળા દોડ, અને ખો–ખો વગેરે રમતો રમાડવામાં આવી હતી. ધો. ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉમંગ ઉત્સાહથી ભાગ લીધો હતો. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ રમતોત્સવનું જીવનમાં મહત્વ સમજાવી શારીરિક – માનસિક રીતે સક્ષમ બની જીવનમાં દરેક ક્ષેત્રમાં ઉતમ સફળતા પ્રાપ્ત કરી સખત પરીશ્રમ કરવા અનુરોધ કર્યો હતો. વિજેતા ટીમને પ્રોત્સાહક ઈનામો તથા સર્ટિફિકેટ આપી અભિનંદન આપ્યા હતા.

# હવે તેમની તબિયત સ્થિર હોવાની માહિતી ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને હોસ્પીટલમાં દાખલ કરાયા

નવી દિલ્હી , તા. ૧૪

પૂર્વ ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને રૂટીન ચેકઅપ માટે દિલ્હીની એપોલો હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તેઓ તબીબોના નિરીક્ષણ હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું કહેવાય છે. છેલ્લા બે અઠવાડિયાથી તેમની તબિયત નાદુરસ્ત હતી. લાલકૃષ્ણ અડવાણીને આ વર્ષે ઑગસ્ટ મહિનામાં પણ અપોલો હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમજ લાલકૃષ્ણ અડવાણીને એક મહિના પહેલા ૨૬ મી જૂન રાત્રે વાગ્યે તેમને દિલ્હી એમ્સના યુરોલૉજી વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ડૉ. અમલેશ શેઠની દેખરેખ હેઠળ તેની સારવાર કરવામાં આવી હતી અને બીજા દિવસે રજા આપવામાં આવી હતી.

ભાજપના વરિષ્ઠ લાલકૃષ્ણ અડવાણી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝઝુમી રહ્યા છે. આ જ કારણ છે કે આ દિવસોમાં તેઓ પોતાના ઘરે જ રહે છે અને કોઈ પણ જાહેર કાર્યક્રમમાં હાજરી આપતા નથી. એલ. કે. અડવાણીને આ વર્ષે દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી પણ નવાજવામાં આવ્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતેના કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. તેમને તેમના નિવાસસ્થાને જ ભારત રત્ન આપવામાં આવ્યો હતો.

## કલ્પસર સરોવરને સમિતિની મુખ્યમંત્રી સમક્ષ માંગ

# સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતની જીવાદોરી સમાન કલ્પસર યોજનાને સાકાર કરો

## કલ્પસર યોજનાથી સમગ્ર ગુજરાતની રોનક વધી જશે



અમરેલી, તા. ૧૪

કલ્પસર સરોવર સમિતિના સભ્ય પરસોત્તમભાઈ કામાણી (ડોકટર પંપ) અને સાથી ટીમે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને કલ્પસર સરોવરનાં પ્લાન અંગે સૂચનો આપ્યા હતા. આ સાથે જ કલ્પસર સરોવર કેવી રીતે બનશે અને તેના કયા કયા ફાયદા છે એ વિષેની વાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને કલ્પસર સરોવર જલ્દી કાર્યાન્વિત થાય તે અંગે રજૂઆત કરવામાં આવે તેવી વિનંતી પણ કરવામાં આવી હતી.

કલ્પસર સરોવર સમિતિના પ્રણેતા ૯૭ વર્ષની આયુના વિનુભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર કચ્છની જળ સમસ્યાનો એક જ વિકલ્પ કલ્પસર યોજના છે. આપણે વડાપ્રધાનને વિનંતી કરીએ કે તેઓ આ યોજનાનો વહેલી તકે ખાત મુહૂર્ત કરે. આપણે સૌ માંગણી નહીં પણ સહયોગ કરીએ.

વિનુભાઈ ગાંધી તેમજ કલ્પસર સરોવર સમિતિના સભ્યો પરસોત્તમભાઈ કમાણી, વિજયભાઈ ડોબરિયા, વસંતભાઈ લીંબાસીયા, દિલીપભાઈ સખિયા, પુનીતભાઈ ચોવટિયા ઈત્યાદી ટીમ કલ્પસર સરોવર અંગે કાર્ય કરી રહી છે.

કલ્પસર સરોવર નિર્માણના ઘણા ફાયદાઓ છે. કલ્પસર સરોવર ભૌગોલિક રીતે ગુજરાતની જ હદમાં આવેલું છે અને ઘણાં વિસ્તારને સ્પર્શે છે. કલ્પસર સરોવરનાં નિર્માણ માટે કોઈની જમીન સંપાદન થતી નથી, કોઈનું સ્થળ ાંતર થતું નથી કે ખેતીલાયક જમીન ડૂબાણમાં જતી નથી. કલ્પસર સરોવર દ્વારા જળસંકટગ્રસ્ત વિસ્તારની દસેક લાખ હેકટર જમીનને સિંચાઈ તેમજ પીવા માટે દસહજાર કરોડ ઘનમીટર મીઠું પાણી મળશે, જેથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને નર્મદાનું પાણી પુરતા પ્રમાણમાં મળશે. મધ્ય તેમજ દક્ષિણ ભારત સાથે સુરત મારફત ગુજરાતનું અને મધ્ય તથા દક્ષિણ ગુજરાત સાથે સૌરાષ્ટ્રનું આદાન–પ્રદાન વધશે અને માર્ગનું અંતર ઘણું ઘટશે. તેથી ઈંધણ અને સમયની બચત થશે અને પ્રદુષણ ઘટશે. બધી મળીને ચારેક લાખ હેકટર ખારાપાટની અને ડૂબવાળી જમીન વાપરવાલાયક બનશે. સરોવરના ડેમ ઉપર આઠ માર્ગીય રસ્તા ઉપરાંત રેલ્વે, પાઈપલાઈન, પવન ઉર્જા, સૌર ઉર્જાની હારમાળા સહિત વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થશે. વહાણવટુ, પર્યટન, મત્સ્યોદ્યોગ વગેરેથી અનેક લોકોને કામધંધા અને રોજગાર મળશે. પશુધન માટે પૂરતુ પાણી અને ઘાસચારો ઉપલબ્ધ થવાથી પશુપાલનને વેગ મળશે. ડેમ હેઠવાસના સમુદ્રની ભરતી – ઓટજન્ય વિજળી કાંઈ બળતણ વગર અપસાઈડ ડાઉન અંડરવોટર વીન્ડમીલની અદ્યતન ટેકનોલોજીથી હજારો મેગાવોટ જેટલી વિજળી ઉત્પન્ન કરી શકાશે. ખારોપાટવાળી જમીનમાં વિશાળ ઘાસપ્લોટ તથા બિનદૂધાળ, વૃદ્ધ કેરખડતા પશુના ઢોરવાડા દ્વારા ગંજાવર બાયોગેસ પ્લાન્ટની હારમાળાનું નિર્માણ કરીશકાશે. જેથી નિંદામણમુકત ઉપજાઉ છાણિયું ખાતર, બળતણ માટે ગેસ, વાહન માટે સી.એન.જી. અને વિજળી મળતા થશે. નદીઓમાં ભરતીનું ખારૂ પાણી ભરાતુ બંધ થવાથી ભૂમિમાં ખારાશ પ્રવેશતી તેમજ પ્રસરતી બંધ થશે. જેથી ભૂમિની ફળદ્રુપતા વધશે. વનીકરણ તેમજ વૃક્ષારોપણને વેગ મળવાથી પર્યાવરણ સુધરશે. ખંભાત ધોલેરા ભાવનગર સમુદ્ર કાંઠાના વિસ્તારમાં અનેક ઉદ્યોગો અને યોજનાઓનું નિર્માણ શકય બનશે. કલ્પસર પ્રોજેકટમાં ગુજરાત રાજય પણ ભાગીદાર હોવાથી રાજયની આવકમાં વધારો થશે. જેથી વર્ષો વર્ષ વધ્યે જતું જાહેર દેવું ભરવા માટે આ આવકનો ઉપયોગ શકય બનવાથી રાજય ક્રમશઃ ઋણમુકત બની શકશે. ચોમાસામાં સરોવરની મહત્તમ જળસપાટીથી વધારાનું પાણી નળ સરોવર મારફત કચ્છના સૂરજબારી થઈને નાના રણમાં વહેવડાવવા માટે સાનુકૂળ ઢોળાવની ગ્રેવીટીનો લાભ લઈ શકાશે. ગુજરાત ભારતનું પૂરતુ પાણી ધરાવતું સર્વપ્રથમ સ્વનિર્ભર રાજય બનશે. સમસ્ત ગુજરાત જળસંપન્ન બનશે. વધુમાં ગુજરાતનો સંતુલિત તેમજ સર્વાંગી વિકાસ શકય બનશે. આ યોજના સાકાર થાય તો દેશની GDPમાં વધારો થશે. આ યોજનાથી ગુજરાતનાં લોકોનો ધંધા, રોજગાર, નોકરી થકી સર્વાંગી વિકાસ થશે. આ યોજનાથી સૌરાષ્ટ્રમાં દુષ્કાળ પણ ભૂતકાળ બની જશે.

ગુજરાતમાં આ યોજના શરૂ થઈ ગયેલી હતી, તેનું બજેટ ફાળવણી પણ શરૂ થઈ ગયું હતું પરંતુ કોઈ પણ કારણસર આ યોજનાનો અમલ ન થયો હોવાથી વિનુભાઈ ગાંધીનાં માર્ગદર્શન હેઠળ કલ્પસર જન જાગૃતિ સમિતિ બનાવવામાં આવી છે. આ યોજના વહેલામાં વહેલી તકે શરૂ થાય એ માટે પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પણ પત્ર લખીને આ બાબતે વિનંતી કરાઈ છે.

## સિંહ અને દીપડાનાં આંટાફેરામાં વધારો

# ધારીનાં ઝર ગામે પાણીનાં સમ્પમાં દીપડો ઘુસી આવતા અફડા–તફડી

## વનવિભાગે દીપડાનુ રેસ્કયુ કર્યુ



અમરેલી, તા.૧૪

ધારીના ઝર નજીક આવેલ પાણીનાં સંપમાં ગઈકાલે રાત્રીના સમયે દીપડો ઘુસી આવતા અફડા–તફડી મચી જવમા પામી હતી. વનતંત્રને જાણ કરતા વનવિભાગે દીપડાને સંપમાંથી બહાર કાઢવામાં આવેલ હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત ગીર પુર્વ વન વિભાગ ધારીના ઝર નજીક આવેલ ગ્રામીણ ગામડાઓમાં પીવાનુ પાણી પુરૂ પાડતા એક પાણીના સંપમાં ગઈકાલે રાત્રીના સમયે એક ૧૨ વર્ષની ઉંમરના દીપડો ઘુસી આવતા અફડા તફડી મચી જવા પામી હતી. વનતંત્રને જાણ કરતા વન વિભાગે દીપડાનું રેસ્કયુ કરી આજે વહેલી સવારે ૮.૧૫ કલાકે સંપમાંથી બહાર કાઢવામાં આવેલ હતો.

## ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી પંચ સુસજ્જ

# રાજકીય પક્ષોએ મેદાને ઉતરવા તૈયારીઓ આદરી

## પાલિકા-ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આગામી સપ્તાહના અંત સુધીમાં પ્રાથમિક મતદાર યાદી જાહેર થાય તેમ છે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં પાલિકા-ગ્રામ પંચાયતની ચૂંટણી માટે રાજકીય પક્ષોએ મેદાને ઉતરવા તૈયારીઓ આદરી છે. જેમાં ખેડા-બનાસકાંઠા જિલ્લા પંચાયત ૮૦ નગરપાલિકા સહિત ચારેક હજારથી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચૂંટણી પંચ સજ્જ છે. આ વખતે ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઈ સાથે પાલિકા-પંચાયતની ચૂંટણીઓ યોજાવવા જઈ રહી છે. એવી જાણકારી મળી રહી છે કે, ઉતરાયણ બાદ ગમે તે ઘડી પાલિકા-પંચાયતની ચૂંટણીનું એલાન થઈ શકે છે. પંચાયતની ચૂંટણીઓને પગલે રાજકીય પક્ષોએ પણ અત્યારથી ચૂંટણી મેદાને ઉતરવા તૈયારીઓ આદરી છે.

વિધાનસભાની ચૂંટણી જીતવાનો પાયો નાખવા ભાજપ-કોંગ્રેસે તો અત્યારથી તૈયારીઓ આરંભી દીધી છે. વાવ વિધાનસભાની પેટા ચૂંટણી બાદ હવે ચૂંટણી પંચ પણ પાલિકા-પંચાયતની ચૂંટણીઓ માટે સજ્જ થયુ છે.

મીની ધારાસભા સમાન આ ચૂંટણીઓ માટે ચૂંટણી પેંચ મતદાર યાદીને ઓપ આપી રહ્યુ છે. હજુ ઘણાં જિલ્લામાં મતદાર યાદીનુ કામકાજ ચાલુ છે. આગામી સપ્તાહના અંત સુધીમાં પ્રાથમિક મતદાર યાદી જાહેર થાય તેમ છે.

## ગીર છોડીને ગીરકાંઠા અને હવે તો માનવ વસાહતમાં પણ સિંહોનું આગમન

# સાવરકુંડલાનાં આંબરડી અને ધારી ગામમાં સિંહોનાં આંટાફેરા

### કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ સિંહો ભોજન અને પાણી માટે માનવ વસાહતમાં આવવા મજબુર

### સમગ્ર દેશનાં ગૌરવસમા સિંહો કાયમી ધોરણે માનવ વસાહતમાં આવતાં સુરક્ષાનો ખતરો

### વનવિભાગની ઉદાસીનતાથી સિંહોની હાલત શ્વાન જેવી થાય તો નવાઈ જેવું નહી રહે

### અધિકારીઓની બેદરકારી અને જનપ્રતિનિધિઓની અણઆવડતથી સમસ્યા આગળ વધે છે

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં આમ તો બે દાયકા પહેલા એકપણ ગીરકાંઠાનાં ગામોમાં સિંહોનું આગમન થતું હોય તેવી ઘટના જવલ્લેજ બનતી હોય બાદમાં ગીરકાંઠાનાં ગામોમાં અવારનવાર અને હવે તો ધારી, ખાંભા કે આંબરડી જેવા ગામોની વચ્ચે સિંહો ભોજન–પાણી માટે આગમન કરતાં હોય સિંહપ્રેમીઓમાં સિંહોની સુરક્ષાને લઈને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

**ધારી**

ધારી નજીક રેલ્વે ટ્રેક પર આજે સવારે રેલ્વે ટ્રેક ઉપર અચાનક જ સિંહ પરિવાર આવી જતા અમરેલીથી વેરાવળ જતી ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને બાદમાં સિંહોની સુરક્ષા કરતા વનવિભાગન કર્મીઓ સિંહોને રેલવે ટ્રેક ક્રોસ કરાવી દીધા બાદ ટ્રેનને આગળ ચલાવી હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલીના ધારી નજીક રેલ્વે ટ્રેક પર આજે સવારે ૭:૪૫ કલાકે રેલ્વે ટ્રેક ઉપર અચાનક જ એક સિંહ પરિવાર જેમાં સિંહ, સિંહણ અને બે સિંહબાળ સહિતનો સિંહ પરિવાર આવી જતાં વન વિભાગ અને રેલ્વે ડ્રાઈવરની સમય સૂચકતાથી અમરેલીથી વેરાવળ જતી ટ્રેનને તાત્કાલિક રોકી દેવાતા સિંહ પરિવારનો બચાવ થયો હતો અને બાદમાં સિંહોની સુરક્ષા કરતા વનવિભાગનાં કર્મીઓ સિંહોને રેલ્વે ટ્રેક ક્રોસ કરાવી દીધા બાદ ૨૦ મિનિટ સુધી રોકાયા બાદ ટ્રેનને આગળ ચલાવી હતી.

**(સાવરકુંડલા–આંબરડી)**

ઠંડી વધતા સિંહોની જાણે ભૂખ ખુલી હોય તેમ ગીરકાંઠાના વિસ્તારોમાં હિંસક પ્રાણીઓના આંટાફેરા વધી રહ્યા છે. ત્યારે સાવરકુંડલાના આંબરડી ગામે આજે વ્હેલી સવારે પાંચ વાગ્યા આસપાસ ચાર સિંહો જંગલ તરફથી આવી ગામની બજારમાં આરામ ફરમાવી રહેલ ગાયોના ટોળામાં ત્રાટકયા હતા અને ગાયોમાં નાસભાગ મચી ગઈ હતી. એક ગાયને દબોચી લીધી હતી પરંતુ વાહન નીકળતા સિંહો ગાયને મેડિકલ સ્ટોર નજીક તરફડતી છોડી જંગલ તરફ જતા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા એમ સુભાષ સોલંકી આંબરડીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૪/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
હરહંમેશા... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહીત કરનાર "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભેચ્છક
શ્રી મનિષ ભંડેરી
પ્રમુખ : અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
હરહંમેશ... સેવાકીય પ્રવૃત્તિઓને... પ્રોત્સાહિત કરનાર "અમરેલી એક્સપ્રેસ" દૈનિકનાં ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
એડવાન્સ યુથ ડેવલપમેન્ટ કાઉન્સીલ, અમરેલી. સંચાલિત
સમન્વય
દિવ્યાંગજનો માટે તાલિમ અને પુર્નવસન કેન્દ્ર
શેર & કેર અમરેલી નાં તમામ મેમ્બરશ્રીઓ અને શુભેચ્છકશ્રીઓ
સંપર્ક સૂત્ર : ૯૪૨૭૨ ૬૧૧૮૫

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી બાલજીભાઈ સેલાણી
શ્રી ચિંતનભાઈ સેલાણી
અમરેલી

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભેચ્છક
શ્રી મધુરમ્ કન્સ્ટ્રક્શન
જુનાગઢ

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean
Better Hygiene
More Lint removal
Enhanced Durability
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

અમરેલી એક્સપ્રેસ
૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજ - અમરેલી સંચાલિત સેવા સંઘ દ્વારા હરહંમેશ... સેવાકીય પ્રવૃત્તિઓને... પ્રોત્સાહિત કરનાર "અમરેલી એક્સપ્રેસ" દૈનિકનાં ૧૯માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી સુરેશભાઈ સોલંકી - પ્રમુખ
શ્રી કિશોરભાઈ આજુગીયા - ઉપપ્રમુખ
શ્રી મુકેશભાઈ મંડોરા - મંત્રી
શ્રી પંકજભાઈ મારૂ - સહમંત્રી
શ્રી ગોપાલભાઈ વનરા - સહમંત્રી
શ્રી ચેતનભાઈ ચૌહાણ - ખજાનચી
શ્રી અલ્પેશભાઈ આજુગીયા - સહખજાનચી
શ્રી મહેશભાઈ સોંડીગલા - સભ્ય
શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજ-સેવાસંઘ-અમરેલી


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)